**1st Cover Page**


શ્રી બાલાસિનોર નવયુવક સંઘ પ્રકાશિત

# જ્યોતિ પુંજ

માર્ચ - ૨૦૦૯'

છુટક નકલ રૂા. ૧/-


## વિરોધ ક્યારેક વરદાન બને છે

વાદ વિવાદ માંથી જ્ઞાન પ્રગટે છે. સંઘર્ષમાંથી ચિનગારી જન્મે છે. તેમ લોકો દ્વારા કરવામાં આવેલ વિરોધ પણ ક્યારેક આપણાં માટે વરદાન બની જતો હોય છે. હકીકતમાં આપણો વિરોધ કરી આપણને માનસિક પરિતાપ પહોંચાડનારા લોકો આપણા સહાયકો છે. કારણકે તેઓ વિરોધ કરી આપણાં જ્ઞાનતંતુઓને તથા આપણી બુનિયાદી બુદ્ધીના ઓજસને વધુ ચમકીલું બનાવે છે.

જગતને આદત છે. તપાવવાની અને તાવવાની એટલે તમારી વાત અથવા કાર્ય જગત એકજ ધડાકે શાનુ આવકારી લે ? એવુ હંમેશા નથી બનતું, અગ્નિપરીક્ષા આપીને સતીત્વની પ્રતીતિ કરાવનાર સીતાને પણ આળમાંથી આ જગતે મુક્ત નથી રાખી. પ્રેમ અને ક્ષમાનો મહાન સંદેશ પ્રદાન કરનાર ઈસુ ખ્રિસ્તનેય વધસ્તંભે લટકાવીને જ સત્ય ખાતર બલિદાન આપવાની હિમંતનું પારખું લીધું છે.

સૂરજને ઉગતા પહેલાં અંધારી રાતનો સામનો કરવો પડે છે. વ્હેતા પાણીએ પથમાં પડેલ ખડકના ખમીર સાથે બાથ ભીડવી પડે છે. વિશાળ વટવૃક્ષબની ચૂક્યાં અગાઉ છોડરૂપે રહેલા વડે વર્ષાની ઝડીઓ, વૈશાખી આંધીઓ કે શીત પવનના સૂસવાટા સમક્ષ પોતાની તાકાતની અડગતા પુરવાર કરવી પડે છે.

વિરોધથી ગભરાય તે વામન અને વિરોધને હંસતા મોંઢે કચડીને આગળ વધે તે વિરાટ.

જિંદગીનું બળ સંઘર્ષો સામે ટકી રહેવા માટે લડવી પડતી લડાઈઓના સ્વાનુભવમાંથી જન્મે છે. અંતઃકરણને આઘાત પહોંચાડનાર પરિસ્થિતીઓ કે વ્યક્તિઓજ આ બળના અવિર્ભાવનું નિમિત્ત બનતી હોય છે. રત્ન બહાર નીકળે એ માટે વસુધાએ પણ પોતાના વક્ષસ્થળ પર પ્રહારો કયાં સહન નથી કરવા પડતા ? જે વખતે તમારા દરેક વાક્ય માટે ઉપહાસ અને તિરસ્કાર થતાં હોય તે વખતે સ્થિર પગે ઉભા રહેવાથી તમારી શક્તિ જ તમોને વરદાન સિદ્ધ થાય છે.

વેદનાનો ઉપહાર દેનાર-ઘટનાજ વરદાન બની જાય છે.

**2 nd Cover Page**

# બાલાસિનોર નવયુવક સંઘ

## આયોજીત

# હેલ્થ ચેકઅપ કેમ્પ

આ વર્ષે શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સહર્ષ આયોજન કરે છે બાલાસિનોર વાસીઓ માટે હેલ્થ ચેક અપ કેમ્પ.

આ માટે નીચે મુજબના ટેસ્ટ કરવાનું નક્કી કરેલા છે.

1) Pathology test - CBC + ESR
2) Test for diabetas - Blood Sugar (fasting) & (pplpg)
3) Test for Liver Disease - SGOT, SGPT
4) Test for Heart Disease - Triglycerides cholesterol.
   HDL Cholesterol, LDL-cholesterol
   VLDL-cholesterol, LDL/HDL Ratio
   Total cholesterol/HDL ratio
5) Test for kidney Disease - Urea / Creatinine / Uric Acid.

આ માટે વહેલો તે પહેલો ના ધોરણે ફક્ત ૪૦૦ અરજીઓ લેવામાં આવશે. તે માટે ફોર્મ સાથે **રૂા. ૨૦૦/- (Refundable)** લેવામાં આવશે. તે ડીપોસીટ સંપુર્ણ ટેસ્ટ કરાવ્યા બાદ પરત કરવામાં આવશે. આ માટે વ્યક્તિની ઉમર ૩૦ વર્ષથી ઉપર હોવી જરૂરી છે. આ કેમ્પનું આયોજન નીચે જણાવેલ સ્થળોએ કરાશે.

**N.M.Medical - Chowpatty - Bandra - Borivali**

**Metropolis Health Services (I) Limited**

**BIO - Tech Diagnostic Laboratories**

**Note : As decided by Managing Committe**

**નોંધ :-સંસ્થાની જવાબદારી ટેસ્ટ કેમ્પનું આયોજન કરવું અને દરેક વ્યક્તીને રીપોર્ટ મેળવી આપવા સુંધી મર્યાદીત રહેશે. બીજી કોઈ રીતે સંસ્થા જવાબદાર રહેશે નહીં. ફોર્મ મેળવવાના સ્થળ તારીખ - ૨૫-૩-૨૦૦૯થી**

**૧) સૌમિલ જીતેન્દ્ર મોદી.**: સૈલેશ ટુલ્સ એન્ડ હાર્ડવેર માર્ટ, ૧૬ નારાયન ધ્રુવ સ્ટ્રીટ, ૨જે માળે, મુંબઈ - ૪૦૦૦૦૩, સમય : સવારે ૧૧ થી ૬ **ફોન નંબર : ૨૩૪૨૬૩૧૬ / ૨૩૪૦૦૫૦૨ / ૯૯૨૦૨૧૩૪૨૬**

**૨) હેમેન્દ્ર રમણલાલ શાહ** : સી/૩૦૨, સુમેર નગર, એસ.વી. રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ : ૪૦૦૦૯૨. સમય : સવારે ૯ થી ૧૨. **ફોન નંબર : ૨૮૦૫૦૭૩૫ / ૯૮૨૦૦૧૧૫૮૬**

**નોંધ :- મુંબઈથી વાન્દ્રા સુધીના ફોર્મ મુંબઈ ખાતે મળશે. ખાર થી વિરાર સુધીના ફોર્મ બોરીવલી ખાતે મળશે.**

*સંયોજક : સૌમિલ મોદી - મંત્રી : મંજુલ શૈલેષ ધારીઆ - પ્રમુખ : પ્રદીપ કડકીઆ*

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૦ | ૧૨ | ૧૪-૩-૨૦૦૯ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

નિખિલ પરીખ (તંત્રી)

જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી

શ્રીમતી રીટા મુ. ગાંધી (S.E.O.)

નિકેશ જ. ગાંધી

અમીત વ. પારેખ

***પત્રવ્યવહારનું સરનામું***

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

**ફોન :** ૨૪૪૪ ૯૯૧૬ ♣ ૨૪૪૪ ૯૯૨૯

**મંત્રી : મંજુલ શૈલેષ ધારીઆ (હેડમાસ્તર)**

૧૨, એ, ગાંધીનગર, ડી.સી. રોડ

ભારત બજાર, વરલી, મુંબઈ - ૪૦૦ ૦૧૮.

ટે.(ઓ.) : ૨૪૯૩ ૩૬૧૮ / ૬૫૮૦ ૨૪૪૧

(ઘર) : ૨૩૬૩ ૩૩૪૫(મોબાઈલ) : ૯૮૨૦૧૩૫૦૧૪

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

**: સમય :**

સોમવાર થી શનિવાર ૭ થી ૮.૩૦ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૦૦ (સવારે)

**visit us at www.balasinor.org**


# જનેતાનું હૈયું

*કાન્તિલાલ ઓચ્છવલાલ મોદી (બંગડી)*

## (સુવર્ણ જયંતિ અંકમાંથી)

**(એક જ પ્રસંગની ટૂંકી વાર્તાનું સ્વરૂપ આ કથા તમને સમજાવી જશે. ખુલ્લી દૃષ્ટિ રાખી મુસાફરી કરતા લેખકે નાના પ્રસંગને કેવો હૃદયંગમ બનાવ્યો છે ?)**

રામપુર જીલ્લાનું ગામ અને અનાજના વેપારનું ધીકતું ધામ. ગામ વચ્ચે આવેલા રેલ્વે સ્ટેશનનું પ્લેટફોર્મ વ્હેલી સવારથી મોડી રાત સુધી ઉતારૂઓની અવરજવરથી ભર્યું રહે. મધરાતે છેલ્લો પેસેન્જર ગયા પછી જંપી જાય અને પ્લેટફોર્મનો કબ્જો ચોકી ભરતા પોલીસવાળા, રાત્રે સ્ટેશન ઉપર જ રહેતા થોડાક હમાલ, પોલીસ અને સ્ટેશનસ્ટાફની મહેરબાનીથી પ્લેટફોર્મ ઉપર કાયમી રહેતા રખડતા માથાભેર મવાલીઓ, ભીખારીઓ અને રઝળતાં કૂતરાં પાસે રહેતો.

આ વસ્તીમાં ચાર પાંચ વરસ ઉપર એક અર્ધી હાલેલી અબળાનો ઉમેરો થયો હતો. પ્લેટફોર્મના એક છેડે આવેલા રેલ્વે-બ્રીજની નીચેની ખાલી જગામાં એ રહેવા સુવા લાગી. પોલીસ અને બીજા દાદાઓની કૃપાદૃષ્ટિથી જ તો. ઉંમર હશે વીસ બાવીસ વરસની. ઓછાબોલી અને શ્યામવર્ણી આ યુવતી સાવ કદરૂપી નો'તિ. દિ' આખો સ્ટેશન અને આસપાસના મહોલ્લાઓમાં ભીખ માંગી પૂરૂ કરી લેતી અને રાત્રે બ્રીજની નીચે પડી રહેતી, આ યુવતિ કોણ હતી, ક્યાંની હતી, એનું કોઈ સગુંવ્હાલુ છે કે નહિ એ કોઈ જાણતું નો'તું. કોઈને એ જાણવાની ખેવનાએ નો'તી. પ્લેટફોર્મના દાદાઓ એને રાધાના નામથી ઓળખે. આસ્તે આસ્તે રાધાનો અને એમાંના ઘણાનો પરિચય વધવા લાગ્યો. દાદાઓની હવસપૂર્તિનું રાધા રમકડું બની અને હાલેલી રાધાય આખરે માનવ જ હતી ને ?

પરિણામે રાધાને પડી રહેવા પૂલ-નીચેનો છેડો ક્યારેક ભૂખમાં સહારો અને ખોળે બાળક પ્રાપ્ત થયાં જનક કોણ હતો એ બાળકનો એની તો ખૂદ રાધાનેય ચોક્કસ ખબર ન હતી, એટલે બીજા કોઈને એ અંગે ખરી ખબર હોવાનો સાચો સંભવ કેટલો ? અને આપણેય એવી નાહક ખણખોદમાં પડી શું મેળવવાનું, કમળનાં મૂળ ફેંદીએ તો હાથમાં કાદવ જ ચોંટે એટલું જ.

રાધા એ બાળકની જનેતા હતી એ નક્કર અને સત્ય હકીકતથી જ આપણે સંતોષ માનીએ. રાધાના એ બાળક સાથે પરિચીત થવા એનું નામ જાણવાની સૌને જીજ્ઞાસા જરૂર થશે અને થાય જ, પણ રખડતી ભીખારી અને વધારામાં અસ્થિર મગજની સ્ત્રીના બાળકનું નામ શું વળી ? રાધાનો જાયો એને 'રાધેય' કહેવા જાય તો સુતપુત્ર કર્ણ સાથે સમકક્ષ મુક્યાનો અને શરીરનો વાન શ્યામ હોવાથી 'શામળો' કહે તો શ્રીકૃષ્ણ સાથે સરખામણી કર્યાનો દોષ પડે એ કરતાં પુરાણના મુનીએ જેમ જાબાલીના પુત્રને 'સત્યકામ જાબાલ' કહ્યો હતો તેમ પ્લેટફોર્મની વસ્તીએ આ બાળકને, રાધાનો છૈયો મુન્નો જ કહ્યો.

મુન્નો રાધાના વાત્સલ્યનું એકમેવ પાત્ર. એને જનક ગણો કે જનેતા રાધા જ હતી. અન્ય સંસારી ગૃહસ્થી માતા જેટલાં જ રાધા મુન્નાનાં લાડપાન કરતી. રાધાના આ લાડથી મુન્નો બગડયો. જીદ્દી થઈ ગયો. એક દિવસ રાતની વાત છે. દિવસ આખો જોરદાર વરસાદ પડયો, બહુ જ રખડવા છતાં ભીખમાં કાંઈ જ મળ્યું નહિં. આવે પ્રસંગે રાધા તો ભૂખ્યા પેટે ચલાવી લેતી, પણ મુન્નાનું શું ? સ્ટેશન કેન્ટીનના બેરાને દયા આવી. રાધાની તપેલીમાં થોડોક ટાઢો ભાત અને દાળ પડયાં. તપેલીમાં જ દાળભાત ચોળી રાધા મુન્નાને પાસે બેસાડી ખવડાવવા લાગી. મુન્નો કોળીઓ ભરવાનુ ટાળવા લાગ્યો, એને દાળભાત નહિ રોટલી ખાવી હતી. બાળક જીદ્દે ચડયો એણે 'રોટલી જોઈએ'નું રટણ ચાલુ કર્યું. દાળભાતનો કોળીઓ ભરેલો માનો હાથ મુન્નાએ હડસેલી કાઢયો. વ્હાલસોઈ માતાએ બહુ બહુ સમજાવ્યો, પટાવ્યો; સવારે પોતે ગમે ત્યાંથી માગી લાવી એને રોટલી જરૂર ખવડાવશે એવું પ્રલોભન આપ્યું એ બધું જ વ્યર્થ ગયું. મુન્નો માન્યો નહિ અને રાધા વિફરી. મુન્ના ઉપર માર, મ્હેણાં અને ગાળોનો ધોધ વરસ્યો. તમાચા અને ગડદા પાટુના પ્રહાર વચ્ચે 'મુઆ અભાગીઆં, રોટલી ખાવાના ચસ્કા હતા તો મુઆ અભાગીયણને પેટે શું કામ પડયો ? મા ભિખારી અને બેટા ખાનજાદા, મારા રોયા જનમતાં જ મરી શું કામ ન ગયો' આવું આવું તો કવચિત જ બોલતી રાધા ઘણું ઘણું બોલી ગઈ. મુન્નો ઢોરમારના સપાટામાં ધીબાઈ, હબકી જઈ રોટલી તો શું ખાવાનું ય ભૂલી જઈ જોર જોરથી ડૂસકે ડૂસકાં ભરી રડવા લાગ્યો.

લાડકા દીકરાને મારતાં થોભેલી જનેતા એનાં આંસુ જોઈ જીરવી ના શકી. રાધાનું હૈયું ફાટી પડયું. પોતાના હાથે એણે પોતાના ગાલ અને પેટ કૂટી નાંખ્યા. ધ્રુસ્કે ધ્રુસ્કે રોઈ રહેલી જનેતાના હૈયાના ટુકડા એની આંખમાંથી બોર બોર વ્હેવા લાગ્યા. માને રડતી જોઈ ડઘાઈ ગયેલો મુન્નો ભૂખ અને મારનું દુઃખ ભૂલી રડતી માને વળગી પડયો અને એની વ્હાલભરી છાતીમાં પોતાનું માથું સમાવી રહ્યો.

મા બેટાના સુભગ મિલનનું આ પાવનકારી દ્રશ્ય જોઈ ધન્યતા અનુભવતો પ્રવાસી, મોડે મોડે આવેલી મેલગાડીમાં જગા ખોળવામાં પડી ગયો, રાધા અને મુન્નો એની આંખથી ઓઝલ થઈ સ્મૃતિના પટ પર કોતરાઈ ગયા.

**"AMIDST MY LIST OF BLESSINGS INFINITE,**

**STANDS THIS THE FORMOST,**

**THAT MY HEART HAD BLED;**

**FOR ALL I BLESS THEE, MOST FOR THE SEVERE**

***ભાવાર્થ***

***''અગણિત આશિષો મારી, માંડુ જો ક્રમવાર,***
***અગ્રેસર છે, જ્યાં વીંધાયું મુજ હૈયું આરપાર***
***દીધો કઠોર ઘાવ, કારણ ચાહું છું પારાવાર.''.***

# ચાલ મનવા.........
# અંનતની યાત્રાની તૈયારી આરંભીએ........

ઈશ્વરે મનુષ્યને અજબ-ગજબનું મન આપ્યું છે. મન રૂપી પંખ ઉપર સવાર થઈ માનવી જ્યાં ઈચ્છે ત્યાં આંખના પલકારે પહોંચી જાય છે.

અનંતની યાત્રા એટલે મૃત્યુ પછીની જીવનની સફર જે દિવસે યમરાજાના દૂતો આપણને તેડવા આવે તે દિવસ આપણા જીવનનો અંતિમ દિન અને ત્યાર પછી શરૂ થાય અનંતની યાત્રા. આપણું શરીર નશ્વર છે અને આત્મા અમર છે. આ દેહ છોડયા બાદ આત્મા તરત જ બીજો જન્મ લેતો હશે કે થોડા સમય અહીં તહીં ભટકતો હશે ? એ સફરમાં મારી સાથે કોણ હશે ? યમરાજાના દરબારમાં જીવનભર કરેલા કર્મોનો હિસાબ માગશે તો ? ત્યાં શું હશે ? કેવા હાલ હશે ? આ બધા વિચારોમાં મન અટવાયુ હતું.

માનવીનું મન, માનવીનું જીવન અને ત્યારબાદ મૃત્યુ. પછી અનંતની યાત્રા-આ બધા વિશે લખવા કલમ ચાલી રહી હતી. ત્યાં જ ટી.વી.માં સમાચાર આવ્યા,'રહેમાને બે ઑસ્કાર જીતી ઈતિહાસ સર્જ્યો' આઠ એવોર્ડ સાથે 'ધ સ્લમડૉગ મિલિયોનેર' ફિલ્મ છવાઈ ગઈ. ઑસ્કારમાં ભારતનો જયજયકાર થયો. આખીય દુનિયામાં ભારતનું નામ રોશન થયું. જય હો ઈન્ડિયા! જય હો રહેમાન ! નારાઓથી આખો દેશ ગાજી ઉઠયો.

ભારતીય બ્રાન્ડનો હોલીવુડમાં ડંકો વાગી ગયો. આજે પ્રથમ વખત ભારત દેશની ગરીબી માટે બધાને ગૌરવ જાગ્યું. આ દેશની ગરીબીમાં પણ કેટલી અમીરાત વસેલી છે. એનું સૌને ભાન થયું. મુંબઈની ઝુંપડપટ્ટીના વાસ્તવિક જીવનને જે કલાત્મક અને શિસ્તબધ્ધ રીતે ફિલ્મી પડદે રજુ કરવામાં આવ્યા તે નિહાળી આખુય વિશ્વ ઝુમી ઉઠયું.

ઑસ્કાર એવોર્ડ સમારંભમાં વિવિધ સમાચારો સાંભળી આનંદિત થઈ રહ્યો હતો ત્યારે મનના ઊંડાણમાં જ્યોતિપુંજમાં લખવાના લેખ માટે જુદી જ ગડમથલ ચાલી રહી હતી. ખરેખર ફિલ્મોમાં જ્યારે જીવનની વાસ્તવિકતા ભળે છે ત્યારે જાણે સોનામાં સુગંધ ભળી ગઈ હોય એમ લાગે છે. વર્ષો પહેલાં જોયેલી 'આનંદ' ફિલ્મ નજર સમક્ષ દેખાવા લાગી. આવનાર સમયથી પ્રત્યેક માનવી અપરીચીત છે. કોણ જાણે કઈ ઘડી મૃત્યુનો સંદેશ લઈને આવશે. કોઈ એવો જીવલેણ રોગ માનવીને જકડી લે અને માનવીને અહેસાસ થઈ જાય કે હવે પોતે થોડા સમયનો જ મહેમાન છે ત્યારે ? આનંદ ફિલ્મના નાયકને ખબર પડી જાય છે કે અનંતની યાત્રાએ નિકળવાનો સમય આવી રહ્યો છે. પણ એ નાસીપાસ થતો નથી. એ વિચલિત થતો નથી. એના હોંશકોશ ઉડી જતા નથી. એ મૃત્યુને પડકારે છે. મૃત્યુને આવકારવા પોતે તૈયાર છે. તેના મુખ ઉપર જરાય ભય નથી. ચહેરા ઉપર હાસ્ય અને માત્ર હાસ્ય છે. પોતે સતત હસતો રહે છે અને સમગ્ર વાતાવરણને ખુશનુમા રાખે છે. પોતાની પ્રેમીકા માટે તેની આંખોમાં હુજ પણ મેઘધનુષી સ્વપ્નો જન્મ લે છે. જીવનની બાકી રહેલી તમામ ક્ષણોને આનંદ સાગરમાં વહેતી મુકવા પોતે અધીરો બન્યો છે. પ્રત્યેક પળના આનંદને લુંટવા બેકાબુ બન્યો છે. જ્યારે પણ આ ફિલ્મના દૃશ્યો નજર સમક્ષ આવે ત્યારે જીવન માટે એક સંદેશ મળે ''સદા આનંદમાં રહેવું તે આત્માનો ધર્મ

છે. સુખ હોય યા દુ:ખ સદા હસતા રહેવું અને હસાવતા રહેવું.' અનંતની યાત્રાની તૈયારી આરંભવી હોય તો 'જિંદગી એક સફર હૈ, સુહાના, યહાં કલ કયા હો કિસને જાન ?' બસ જે પળ હાથમાં છે તેને પેટ ભરીને માણવી.

ક્યારેક માનવીના જીવનમાં એવી ઘટનાઓ આકાર લે છે કે ઘટનાઓ થકી માનવીના વિચારોમાં પરિવર્તન આવી જાય. મહાપુરુષોના જીવન ચરિત્રો વાંચીએ, સાંભળીએ પણ એનું આચરણ કરવુ ખૂબ કઠીન છે. સત્સંગ, સ્વાધ્યાય, મનન-મંથન વિ. કરીએ પણ એ બધું જીવનમાં વણી લેવુ ખુબ મુશ્કેલ છે. પણ ક્યારેક સામાન્ય લાગતી કોઈ વાત સાંભળીએ એના ઉપર મંથન કરીએ તો એ વાત આપણા વિચારોમાં પરિવર્તન લાવી દે. આવી જ એક ઘટના મારા જીવનમાં પણ બની.

તા. ૨૧.૨.૨૦૦૯ના શનિવારની સાંજે ભારતીય વિદ્યાભવનમાં ડૉ. રાહુલ જોશીનો સંગીતથી સ્વાસ્થ્ય કાર્યક્રમ માણી રહ્યો હતો. 'નાદ સાધના' નામની સંગીત થેરપીથી દિવ્ય શાંતિનો પરમ અનુભવ પામી રહ્યો હતો. ડૉકટરે ઘણી સુંદર વાતો કરી. વાત-વાતમાં તેઓએ સભાગૃહમાં સહુને સંબોધીને કહ્યું,'તમે બધા હમણાં ઈન્ટરવેલ વખતે બહાર નિકળો ત્યારે દરેક જણ પોતાના એક એવા મિત્રને ફોન કરે કે જે મિત્ર ઘણા સમયથી તમારાથી નારાજ હોય એ હાલ તમારી સાથે બોલતો ન હોય.' સાંભળનાર દરેક માટે આ મુશ્કેલ કામ હતું. પોતાની અંદર છુપેલ અહમને મારવો એ માનવી માટે સૌથી મુશ્કેલ કાર્ય છે.

મારી અંદર પણ વિચારોનું ધમસાણ ચાલ્યું. ન બોલતા હોઈએ તેને આમ અચાનક સામેથી ફોન કરવાનો ? શા માટે ? આપણે ક્યાં એમના વગર સુના પડી ગયા છીએ ? પછી બીજી ક્ષણે વિચાર આવ્યો કે ડૉકટર રાહુલની વાતમાં કંઈક તથ્ય છે. જો મારે અનંતની યાત્રાની તૈયારી આરંભવી હોય તો મારામાં વસેલા અહમને ઓગાળવો જ જોઈએ. જન્મ્યા ત્યારે બંને હાથ ખાલી હતા. હૃદયમાં નિર્મળતા હતી. મુખ પર પ્રસન્નતા હતી. અંત સમયે પણ પ્રસન્ન મુદ્રામાં જઈએ તો કેટલું સુંદર.

આમેય છેલ્લા ઘણા સમયથી મગજમાં વિચારો ભમતા હતા કે હવે મારા જીવનના બાકીના વર્ષો કેટલા રહ્યા હશે ? જોત-જોતામાં આ વર્ષો તો વીતી જશે પછી આ દેહ શ્રી ઠાકોરજીના ચરણે વિલીન થઈ જશે. હવે તો મારા જીવે અનંતની યાત્રાએ જવાની તૈયારી આરંભવી જ જોઈએ. એની શરૂઆત ક્યાંથી અને કેવી રીતે કરવી ? અંદરથી જવાબ મળતો હતો કે સહુ પ્રથમ તો સમગ્ર જીવન દરમ્યાન મારા થકી જાણે-અજાણે કોઈના મનને ઠેસ પહોંચી હોય તો તે વ્યક્તિઓ સમીપ જઈ ક્ષમા યાચી લેવી જોઈએ. શા માટે આ જન્મનો ભાર સાથે લઈ જન્મોજન્મ ઉચકી રાખવો.

મનમાં આ રીતના વિવિધ વિચારોની (ભાવનાના) પડઘા રમતા હતા ત્યાં એક દિ વહેલી સવારે ભગવાને સ્વપ્નમાં આવી સંદેશ આપ્યો - 'નાદાન, હવે તો જાગ. તારા અંતરઆત્માને ઢંઢોળ. અન્યના દોષો જોવાનું છોડ. અહંકાર, અહમ, અભિમાનના પોટલા ફંગોળ. કોઈ મિત્ર, સ્વજન કે સ્નેહીજન કોઈપણ કારણસર તારાથી અળગા થયા હોય તો એમાં તારો જ દોષ રહેલો છે એ સ્વીકાર. જો તારે હળવા ફૂલ જેવા બની અનંતની યાત્રાએ નિકળવું હોય તો ભૂલી જા ભૂતકાળ અને ફરીથી બાંધ એ સહુ સાથે સ્નેહના સેતુ.

આમ છેલ્લા કેટલાય દિવસોથી છુટક-છુટક અને ત્રુટક-ત્રુટક આવતા વિચારોને એક દિશા મળી અને મનવાને અનંતની યાત્રાની તૈયારીઓમાં લગાવી દીધું. સમય મારો સાધજે વ્હાલા, કરૂ હું તો કાલાવાલ.

*પંકજ કે. શાહ*

# સાચો ધર્મ

સુખનું મૂળ ધર્મ છે. ધર્મ એટલે જે કાર્યોમાં સત્ય, ન્યાય અને માનવતા હોય તેને ધર્મ કહેવાય જે. કાર્યમાં સત્ય હોય જ નહિ તેને અધર્મ કહવાય. જેમકે ધર્મ કાર્યોમાં ઈશ્વરને પ્રસન્ન કરવા અપાતુ પશુંનું બલિદાન એ સત્ય નથી. વૃક્ષોને કાપીને તથા પશુઓને મારીને લોહીનાં ખાબોચિયા ભરીને જો સ્વર્ગે જવાતું હોય તો પછી નરકે કોણ જશે ?

આથી જે કાર્યો કે વિધિવિધાનોમાં સત્ય ન હોય તે સાચો ધર્મ નથી. પણ અધર્મ છે. આવી જ રીતે જે કાર્યમાં ન્યાય નથી તે પણ ધર્મ નથી. ન્યાય એટલે બન્ને પક્ષોને સાંભળી સમજીને પક્ષપાતરહિત થઈને જે ચુકાદો અપાય તે ન્યાય કહેવાય. માત્ર એક પત્રને સાથે લઈને ખરાખોટાનો વિચાર કર્યા વિના જે ચૂકાદો અપાય તે ન્યાય ન કહેવાય, પક્ષપાતજ કહેવાય.

કેટલાંક નિર્ણયોમાં સત્ય હોય, ન્યાય પણ હોય પણ માનવતા ન હોય. જેમકે કોઈ સગર્ભા ગુનેગાર સ્ત્રીને ફાંસીની સજા આપવી તે માનવતા નથી કારણકે આમાં અવતરનાર શીશુને અન્યાય થાય છે. માનવતા વિનાનો ન્યાય જડતા ભર્યો હોઈ શકે છે. એટલે જે નિર્ણયોમાં અને જે કાર્યોમાં સત્ય, ન્યાય અને માનવતા ત્રણે હશે તેને ધર્મ કહેવાશે. આવો ધર્મ વ્યક્તિ, પ્રજા તથા રાજયનાં સુખનું કારણ થઈ શકશે. આ ત્રણની સ્થાપનાનું નામ જ ધર્મ સ્થાપના છે. આથી ઉલટું જે કાર્યમાં અસત્ય, અન્યાય અને સમાનવતા હશે તેને અધર્મ કહેવાશે. આથી જ ધર્મના નામે આવેલો અધર્મ ભારે હાનિકારક થઈ જાય છે. કારણકે તેને દૂર કરી શકાતો નથી, કારણકે તેને શાસ્ત્રો અને શાસ્ત્રીઓની સંમત્તિ હોતી નથી.

ધર્મશાસ્ત્ર અને શાસ્ત્રીઓની સહમતીથી આવેલો અધર્મ કેટલાય લોકોને સદીઓ સુધી અસ્પૃશ્ય બનાવ્યા, કેટલીય સ્ત્રીઓને સતી થવા મજબૂર કરી આવુ તો કેટકેટલું થયું અને હજુય થઈ રહયું છે. આવો અધર્મ દુઃખનું મૂળ થઈ જાય છે. જે પ્રજા ધર્મને નામે અધર્મને પાળતી હશે તો તે યુગો સુધી દુઃખી જ રહેશે.

સુખનું મૂળ ધર્મ છે. એવું જ્યારે શાસ્ત્રીઓ કહે ત્યારે તેનો એક વ્યવહારીક અર્થ એ થાય છે કે પ્રજા તથા શાસન કાયદો અને વ્યવસ્થાનું કડક રીતે પાલન કરતાં હશે. શાસનનો અર્થજ Law and Order ની સ્થાપના થાય છે.

પક્ષપાતી શાસકો ન્યાય પૂર્વકનો સંતુલિત કાયદો બનાવતાં નથી. તેઓ એકતરફી પક્ષપાત કરે છે. જેથી બીજી તરફ અન્યાય થાય છે. આવાં કાયદાઓ જૂલ્મ કરનારાંબની જાય છે. આપણાં દેશમાં પણ આઝાદીબાદ અનેક કાયદા-કાનૂનો લાગુ કરવામાં આવ્યો જેમાંથી ઘણાંય કાયદા એક તરફી થયાં છે જેમકે ભાડાનો કાયદો રહે તેનું ઘર એકવાર કોઈને ઘર ભાડે આપ્યા પછી સમયસર ખાલી કરાવવા ચૂકાદો આવતો જ નથી. આવાં એકપક્ષીય અન્યાયી કાયદાએ વ્યક્તિ અને રાષ્ટ્રમાં પ્રશ્નોને ગૂંચવી નાખ્યાં છે. જેથી પ્રજા મકાન વિના દુઃખી થઈ ઝુંપડપટ્ટીમાં વસવાટ કરવા મજબૂર બની રહી છે. આથી જ કાયદો સંતુલિત ન્યાયપૂર્ણ હોવો જરૂરી છે.

દુર્બળ શાસકો ઉત્તમ કાયદાઓનું પાલન કરાવી શકતાં નથી. કાયદાને લાગુ કરવા પરાક્રમી બહાદુર શાસકો હોવા જરૂરી છે. પોલીસો અને ન્યાયાધીશો પરાક્રમી હોય તોજ કાયદાનું કડક પાલન કરાવી શકાય. આથીજ કાયદાનું પાલન કરાવનારો વર્ગ લોભી લાલચી કે બીકણ ડરપોક ન હોવો જોઈએ. આથી જ આવાં મહત્વનાં સારાં કાયદા હોય પરંતુ નિર્માલ્ય શાસકોનાં પરિણામે કાયદાઓનું યોગ્ય પાલન ન થતાં છેવટે આમ પ્રજાને જ વધુ દુઃખી થવું પડે છે.

આથી એમ જરૂરથી કહી શકાય કે ધર્મ પ્રમાણે કાયદા બને અને ધર્મ પ્રમાણે પરાક્રમથી તેનું યોગ્ય પાલન કરાવાય તો જ પ્રજા સુખી થાય, આમાં ધર્મનો અર્થ સંપ્રદાયકે મઝહબ ન કરતાં સત્ય, ન્યાય અને માનવતા લક્ષી ધર્મ એવો કરવો રહ્યો.

ધર્મનો મૂળ અર્થ એટલે આર્થિક સધ્ધરતા છે. અધર્મનાં બે નિમિત છે. (૧) અર્થભૂખ અને (૨) કામભૂખ જ્યાં આ બે ભૂખો મોટા પ્રમાણમાં હશે ત્યાં અધર્મ પણ વધુ માત્રામાં હશે. અર્થ ભૂખ દરિદ્રતાથી આવે છે. જ્યારે કામ-ભૂખ નર નારિને યોગ્ય સમયે યોગ્ય વ્યક્તિની પ્રાપ્તિ ન થવાથી આવે છે. ઉત્તમ આર્થિક અપરાધો ઓછા થઈ જાય છે.

ધર્મનું મૂળ અર્થ એટલે કે આર્થિક સધ્ધરતા છે. પ્રજાને જો સમૃદ્ધ બનાવવી હશે તો ઘણી રોજીઓ, ઉદ્યોગો અને વ્યાપાર વગેરે ઉભા કરવા પડશે. ઉદ્યોગ ધંધા મબલખ મૂડી રોકાણથી થતાં હોય છે. મૂડીરોકાણ, મૂડીની સુરક્ષાની ગેરંટીથી થતાં હોય છે. અગર મૂડીની સુરક્ષાની ગેરંટી ન હોય તો બીજી બધી અનુકુળતા હોવા છતાંય મૂડી આવતી નથી. મૂડી ન આવવાથી ઉદ્યોગ ધંધા સ્થપાતા કે વિકસતા નથી. તેથી બેકારી વધે છે. આથી ચોરી લૂટ-ફાટ જેવાં અપરાધો વધી જાય છે. એટલે જ પ્રજાને સમૃધ્ધ બનાવવી જરૂરી છે. સમૃદ્ધ હોવા છતાંયે જે ચોરી લૂંટ-ફાટ કરે છે તે મહાપાપી છે. તેમને સખત દંડ આપવાથી જ તેઓને રોકી શકાય છે. પરાક્રમી શાસક આવા મહાપાપીઓને સખત દંડ સજા આપીને પ્રજાને સુરક્ષિત બનાવી શકતો હોય છે. આવી જ રીતે જેમને કામ-ભૂખને નિવારણનું નિમિત હોવા છતાંય પણ જે અન્ય નર-નારીઓમાં ફાંફા મારતા હોય છે. તે પણ મહાપાપી છે, તેઓની ઉપર અંકુશ લાદવો ખૂબ જ જરૂરી છે. આવાં કામ ધર્મ તથા રાજસત્તા મળીને બખૂબી નિભાવી શકતા હોય છે.

ચાણક્ય પૈસાને પાપ નથી માનતા. તે વાસ્તવવાદી છે. પૈસો આજનાં આધુનિક જમાનામાં ખૂબ જ મહત્વની જરૂરિયાત છે. પરંતુ પૈસો જ્યારે અધર્મથી પેદા થતો હોય ત્યારે તે મહાપાપ બની જાય છે. ધર્મથી કમાયેલો પૈસો ધાર્મિક કાર્યમાં વાપરવામાં આવે તો તે જીવનની ધન્યતા છે. લક્ષ્મીનો ત્યાગ કરવાનો ડોળ કરવો તેના સ્પર્શ ના કરવો તેવો દેખાવ માત્ર કરવો અને પછી અન્ય રીતે કરોડો રૂપીયા ભેગા કરવા તે સાચો ત્યાગ નથી. તે દંભ માત્ર છે. આવા દંભની પૂજાથી પ્રજા દંભી બને છે. અનેક અનર્થો સર્જાતા રહે છે.

આથી ટૂંકમાં સાચો ધર્મ, સત્ય, ન્યાય અને માનવતાની સાચી મૂલવણીથી જ પ્રાપ્ત થઈ શકે છે. ધર્મમાં શ્રદ્ધા રાખવી એક વસ્તુ છે અને સાચા ધર્મનું પાલન કરવું તે અન્ય વસ્તુ છે. અંતે તો સત્યનો જ વિજય થાય છે. અસ્તુ

– ***રાજેશ કડકીઆ***

## સભ્યના અવસાનબાદ જ્યોતિપુંજ

શ્રી બાલાસિનોર નવયુવક સંઘના આજીવન સભ્યને જ્યોતિપુંજ ફ્રી મોકલવામાં આવે છે. સભ્યના અવસાન બાદ જો એ વ્યક્તિના કુટુંબમાં અન્ય વ્યક્તિ આજીવન સભ્ય હોય તો તેઓએ શ્રી બાલાસિનોર નવયુવક સંઘમાં જણાવવાનું રહેશે જેથી મરનાર સભ્યનું બંધ થયેલ જ્યોતિપુંજ ફરીથી નવા નામે મોકલવાનું શરૂ કરી શકાય.

જો આ બાબતની જાણકારી ન મળે તો અવસાન પામેલ સભ્યને જયોતિપુંજ મોકલવાનું બંધ કરવામાં આવશે. આશા છે સભ્યના કુટુંબીજનો આ બાબતમાં ઘટતું કરી નવા સભ્યપદ દ્વારા જ્યોતિપુંજ મેળવતા રહેશે અને આ યથાયોગ્ય વ્યસ્થાની સામે નારાજગી વ્યક્ત નહીં કરે.

- ***તંત્રી નિખિલ પરીખ***
- ***મંત્રી મંજુલ ધારીઆ***

# પાનખરમાં વસંત

*અમીતા ધારીઆ*

## (સુવર્ણ જયંતિ અંકમાંથી)

બારીમાંથી વાદળા વિહોણાં ખૂલ્લા આકાશ તરફ મીટ માંડીને ઊભો રહેલો આનંદ ક્યાંક કોઈ વિચારોમાં અટવાયેલો હતો. તેનું મન બેચેન લાગતું હતું. તે વિચારતો હતો કે હું કયા સંબંધે એ વિશાળ બંગલામાં જઈને તે બાળકીની તપાસ કરૂ? જેનું નામ પણ હું નથી જાણતો. અચાનક તેના મગજમાં ઝબકારો થયો અને લાગ્યું કે તે કોઈ નિર્ણય પર આવી ગયો હતો. તેના મુખમાંથી શબ્દો સરી પડયા,''ગમે તે થાય, કાલે તો હું આની તપાસ કરીશ જ. આખરે એ બાળકી છે ક્યાં?''

આનંદનો એ નિત્યક્રમ હતો. સવારે સાત વાગે ઉઠવું. ત્યારબાદ આખા દિવસ દરમ્યાન લાગતા થાક સામે શરીરને થોડું સ્ફૂર્તીલુ બનાવવા કસરત કરવી. નાસ્તો કરી તૈયાર થઈ અને ઓફિસ જવા માટે ૯-૧૦ ની બસ પકડવા બસ સ્ટોપ પર હાજરી પૂરવી. આ નિત્યક્રમમાં ક્યાંય મીનમેખ ન હોય. છેલ્લાં પાંચ વર્ષથી અવિરત ચાલતો હતો આ ક્રમ. પણ, છેલ્લાં છ મહિનાથી આમા એક ઓર ઉમેરો થયો હતો. એમ.જી.રોડ પરથી પસાર થતી બસ મધુવિહારના બસ સ્ટોપ પર ઊભી હતી. ત્યાં રોડને અડીને આવેલા વિશાળ બંગલાના બગીચામાં હસતી રમતી નાનકડી બાળકીની નજર આનંદની નજર સામે ટકરાઈ. આ વાત્સલ્યભર્યા ટકરાવના પડઘારૂપે બન્નેના મુખ પર હાસ્ય ઉપસી આવ્યું. પછી તો રોજ દસ વાગે એ બાળકીની આંખો બસની રાહ જોતી ચકળવકળ થતી હોય. અને આનંદ પણ બાળકીને હસતી રમતી જોવા મધુવિહારના બસ સ્ટોપ પર પહોંચવા થનગનતો હોય. બન્નેના ઈન્તજારનો અંત આવતો અને 'બાય બાય, અંકલ', 'બાય બાય, બેટા'ના શબ્દો હવામાં સામસામા અફળાતા. લાગતું હતું કે આંખોમાંથી વરસતો આ નિર્દોષ પ્રેમ બન્નેને દિવસ દરમ્યાન તાજગીપૂર્ણ રાખતો હશે.

પણ, છેલ્લા અઠવાડિયાથી આનંદના આ ક્રમોમાં વિઘ્ન પડયું હતું. વિશાળ બંગલાનો બગીચો ખુશખુશાલ બાળકીના હાસ્ય વગર મૃત પાય ભાસતો હતો. કાલે તો એ બાળકી દેખાશે જ. એ આશામાં આજે અઠવાડીયું વીતી રહ્યું હતું. ઓફિસેથી આવેલો આનંદ આજે ખૂબ જ બેચેન હતો. તેની આવતીકાલની આશા ઠગારી નીવડી હતી પણ, એક મક્કમ નિર્ધાર સાથે સવારની પ્રતીક્ષામાં નીંદ ક્યારે આવી ગઈ તેની પણ આનંદને જાણ ન થઈ.

આજે આનંદના કામની ઝડપ વધી ગઈ હતી. ક્યાંક જવાની ઉતાવળમાં શરીરનું અંગેઅંગ ફટાફટ કામે લાગી ગયું હતું. આનંદ રોજ કરતાં થોડોક વહેલો જ ઘરેથી નીકળી ગયો. બસમાં અનજાન ચહેરાઓ વચ્ચે બેઠક જમાવી. મધુવિહારનું બસ સ્ટોપ આવતા જ બસમાંથી ઉતર્યો. તેના પગ ધ્રુજતા હતા. મન વિચારોની રમઝટમાં અટવાયેલું હતું. દિલ બેચેન હતું. આંખોમાં એક તલાશમા હતી. આનંદે વિશાળ બંગલાનો દરવાજો ખોલી તેમાં પ્રવેશ કર્યો. વોચમેન જેવાં દેખાતા વ્યક્તિએ દૂરથી જ ઈશારો કરી પ્રશ્ન પૂછ્યો,''કોનું કામ છે.'' પ્રત્યુત્તરમાં આનંદે નાનકડી બાળકીનો ઉલ્લેખ કર્યો. ''તો તમે વાચા બિટીયાની વાત કરી રહ્યા છો. તે તો ઘરમાં નથી, પણ દાદાજી છે. તમે તેમને મળી શકો છો.'' આનંદને જોઈ આડા અવળા કોઈ પ્રશ્ન કર્યા વગર વોચમેને જવાબ વાળ્યો.

વિશાળ બંગલાનું પ્રવેશ દ્વાર પણ તેની શોભામાં અભિવૃદ્ધિ કરે તેવું વિશાળ હતું. ડોરબેલ પર હાથ થંભી ગયો, પણ અડગ નિર્ણય યાદ આવતાં બેલ રણકી ઉઠયો. દરવાજો ખૂલ્યો. સોફા પર બેઠેલાં વયોવૃધ્ધ વ્યક્તિએ પૂછયું,''કોણ છે?'' દરવાજો ખોલવા આવનાર વ્યક્તિએ જવાબમાં આનંદ સામે નજર કરી. ''અંકલ, હું નાનકડી

વાચાને મળવા આવ્યો છું. અંદર આવી શકું'' ? (વોચમેન પાસેથી જાણી લીધેલું નાનકડી બાળકીનું નામ દિલમાં કોતરાઈ ગયું હતું.) આનંદના આ શબ્દોએ વયોવૃધ્ધ વ્યક્તિને તેની સામે જોવાની ફરજ પાડી. નજરમાં આત્મીયતા લાગતાં ''હા, બેટા આવો'' શબ્દો સાથે આવકાર મળ્યો. ''દાદાજી, મારું નામ આનંદ છે, મારો આ બંગલા સાથેનો નાતો આ બંગલાના બગીચામાં રોજ સવારે આનંદથી ઝુમી રહેલી નાનકડી બાળકી વાચા જ છે'' આનંદે પોતાનો નિત્યક્રમ પણ જણાવ્યો. દાદાજીની એકલતાને વાચા ફૂટી, દિલ થોડુંક હળવું કરવાનો કોઈ આધાર મળ્યો હોય તેમ લાગ્યું, ''બેટા, આ વિશાળ બંગલો જોઈ રહ્યો છે ને, તેનો એશોઆરામ ભોગવવા મળે તે માટે મારા પુત્ર અને મારી પુત્રવધુએ ખૂબ મહેનત કરી એટલો બધો કારોબાર ફેલાવી દીધો કે તે મળ્યા પછી તેઓ પોતાનામાં એટલાં બધાં વ્યસ્ત છે તે તેમને વાચા બેટા માટે પણ સમય નથી મળતો. હા, તેને કોઈ તકલીફ નથી. તેની દેખભાળ કરવા ઘરમાં ચાર નોકર છે. રોજ સવારે ઉઠીને બગીચામાં ફૂલ ઝાડને રમકડાં સાથે રમતાં આનંદ માણવો તે તેનો પણ નિત્યક્રમ હતો. હવે, આનંદની ધીરજે માઝા મૂકી, ન ઈચ્છવા છતાં દાદાજીના શબ્દોને અધવચ્ચેથી અટકાવતાં તેને સીધો પ્રશ્ન કર્યો,''વાચા, અત્યારે ક્યાં છે ?'' બેટા, વાચા અત્યારે એક ખાનગી નર્સિંગ હોમમાં છે. તે અઠવાડિયાથી બિમાર છે. હવે તો તબિયત સુધારા પર છે. આજકાલમાં તે ઘરે આવી જ જશે.'' દાદાજી પાસેથી નિર્સંગ હોમનું સરનામું લઈ, તેમને પ્રણામ કરી દુઃખ મિશ્રિત ખુશીના ભાવ સાથે આનંદે ત્યાંથી વિદાય લીધી. ઓફિસમાં ફોન કરીને આવી નહિ શકું તેમ જણાવી દીધું.

વાચાને મળવા થનગનતા આનંદની રીક્ષા નર્સિંગ હોમમાં દરવાજાની પાસે અટકી. વાચાને મળવા અધીરા આનંદ દાદાજીએ જણાવેલ રૂમ વિશે વોર્ડબોયને પૂછી ત્યાં પહોંચી ગયો. બસ હવે પળનો વિલંબ પાલવે તેમ નહોતો. આનંદે બારણું ખોલી રૂમમાં પ્રવેશ કર્યો. વાચા નર્સ સાથે મીઠી મીઠી વાતો કરતી હતી. વાચાની નજર આનંદ પર પડી. ક્ષણભર ખામોશી છવાઈ ગઈ, પણ બીજી ક્ષણે મૌન મૃતપ્રાય બન્યું. વાચા ખુશીથી ઉછળી પડી. ''અંકલ, તમે !'' કહી આનંદને વળગી પડી. વળગણમાં પ્રેમ અને હૂંફની તલાશ હતી. આનંદની આંખોમાં લાગીણીની ભીનાશ આવી ગઈ. અનાયસે તેનો હાથ વાચાના માથા પર ફરવા લાગ્યો. નર્સના હોઠ પર પણ સ્મિત હતું.

એટલામાં જ ડૉકટરે રૂમમાં પ્રવેશ કર્યો. વાચા ડૉકટરને પોતાના અંકલ વિષે કંઈક કહે તે પહેલાં જ વાચાના મુખ પર આનંદની લાલાશ જોઈ ડૉકટરની નજર આનંદ તરફ ગઈ. ડૉકટરને હલો કરી આનંદે પોતાની ઓળખ આપી.

ડૉકટર સાથે વાચતીત કરતા આનંદને જાણવા મળ્યું કે વાચા પાસે પ્રેમ અને હૂંફ વગરનો ખૂબ પૈસો છે. તેના મમ્મી-પપ્પા તેને ખૂબ જ પ્યાર કરે છે. પણ સમય આગળ તે પ્યાર દબાઈ જાય છે. ઘરમાં દાદાજી અને વાચા ઘણા બધા પગારદાર માણસોની વચ્ચે સાવ એકલા છે. નર્સિંગ હોમનું વાતાવરણ પારખી ગયેલી વાચાને તે એકલતામાં પાછું જવું નથી.

ડૉકટરની વાત સાંભળી થોડીવાર માટે આનંદ વિચારોમાં ખોવાઈ ગયો. તેને વાચાના મમ્મી-પપ્પાને મળવું જરૂરી લાગ્યું. વાચાને વહાલ કરી બીજી દિવસે ફરી મળવાનું પ્રોમીસ આપી બાય બાય કર્યું.

એપોઈન્ટમેન્ટના સમય પ્રમાણે આનંદ વાચાના પપ્પાની ઓફિસે પહોંચી ગયો. જેવો વિશાળ બંગલો હતો તેવી જ આલીશાન ઓફિસ હતી. લાગતું હતું કે દિવસરાતની મહેનત કર્યા પછી જ આવી ઓફિસ મળી શકે. પણ તે માટે બાળકની વાત્સલ્યતાને નેવે ન મુકાય.

વેઈટીંગ રૂમમાં આનંદ વાતની શરૂઆત ક્યાંથી અને કઈ રીતે કરવી તે માટેના શબ્દોને મનમાં આમતેમ ફેરવતો હતો. થોડી જ વારમાં તેને વાચાના પપ્પાની કેબીનમાં પ્રવેશ

મળ્યો. વાચાના મમ્મી-પપ્પાને જોઈ તેઓનામાં વ્યક્તિત્વશીલ વ્યક્તિની છાપ ઉપસી. વાતનો દોર ચાલુ કરતાં આનંદને વાર ન લાગી. કારણ તેને મનમાં પૂરતા રિહર્સલ કર્યા હતા. વળી સ્વાર્થરહિત વાત કરવામાં કોઈ ડરની લાગણી નથી હોતી.

સારાંશમાં આનંદે પોતાની ઓળખ આપી અને વાચા સાથેના નિદોર્ષ સંબંધની વાત જણાવી. વાચાની મમ્મીના મુખપર ''તો તે તમે છો ?'' ના ભાવ અંકિત થયા. વાચાના મુખેથી ઘણીવાર સાંભળેલી વાત સ્મરણમાં આવી. આનંદે વાતનો દોર આગળ વધાર્યો. ''વાચા તમારા ખૂબ જ વખાણ કરતી હતી. તે કહેતી હતી કે મારા મમ્મી-પપ્પા મને ખૂબ જ પ્યાર કરે છે, મારા માટે ખૂબ સારા રમકડાં લાવે છે પણ અંકલ, તે રમકડાં મને મારી આયા કે નોકર સાથે રમવું નથી ગમતું. મારા મમ્મી-પપ્પા મારી સાથે રમતાં હોત તો! મમ્મી-પપ્પા મારી પાસે જેટલો સમય હોય મને વહાલ તો કરે જ છે, પણ તેમને વહાલ કરું તેવો સમય જ નથી હોતો. મારે પણ તેમની સાથે ખૂબ વાતો કરવી હોય છે. આનંદના આ શબ્દો તેઓ પર ધારી અસર બતાવી શક્યા.

વાચામાં મમ્મી-ડેડ પળભર વિચારમાં પડી ગયા તેમને લાગ્યું કે ક્યાંક તેઓની સમજણમાં કચાશ રહી છે. નર્સિંગ હોમમાં વાચાએ બોલેલાં શબ્દોનો મર્મ સમજાયો. વાચા કહેતી હતી, ''પપ્પા, મને સારુ થઈ જાય પછી પણ હું અહીં જ રહીશ. મને અહીં બહુ ગમે છે. ડૉકટર અંકલ, નર્સ બધાં જ લગભગ આખો દિવસ મારી પાસે જ હોય છે. બધા મને મળવા આવે છે. તેમની સાથે વાતો કરવી મને બહુ ગમે છે. રમકડાં સાથે વાતો કરીને હું કંટાળી ગઈ છું, પ્લીઝ, મને ઘરે ન લઈ જશોને!''

સાચી દિશા બતાવવા બદલ આભાર વશ થયેલા વાચાના મમ્મી-પપ્પાની લાગણીઓ વધારે શરમીંદગી અનુભવે તે પહેલાંજ આનંદે ત્યાંથી વિદાય લીધી. ઓફીસેથી આજે વહેલાં આવી ગયેલાં મમ્મી-પપ્પાને જોઈ વાચા ખુશીથી ઉછળી પડી. મમ્મીએ તેને બાથમાં લીધી. આજે તેનાં સ્પર્શમાં કોઈ ઓર જાદુ હતો. મમ્મી-પપ્પામાં આવેલું પરિવર્તન વાચા અનુભવતી હતી. પણ તેની પળોજણમાં પડવાનો નાનકડી બાળકીને કોઈ રસ નહોતો.

બીજે દિવસે સવારે વાચાને મળવા ગયેલા આનંદે તેના શબ્દોમાં તેના મમ્મી-પપ્પા તરફથી છલકાયેલો પ્રેમ ભાળ્યો. તેની આંખોની કોર ભીની થઈ ગઈ. વાચા કહી રહી હતી,''અંકલ, કાલથી હું રોજ સવારે તમને બાય બાય કરીશ. કારણ આજે સાંજે હું મમ્મી-પપ્પા સાથે ઘરે આવી જવાની છું.''

સાંજે ઓફિસેથી પાછા ફરતા બસમાં આનંદ વિચારી રહ્યો હતો. કોઈના પ્રત્યે દિલમાં ઉઠેલો નિર્દોષ પ્રેમ પ્રદર્શિત કરવામાં દેર ન કરવી. કદાચ તે વ્યક્તિ તે જ પ્યાર અને હૂંફની તલાશમાં હોય. આનંદના હોઠ પર સંતોષનું સ્મિત ફરકી રહ્યું.

***''પ્રેમ અને હૂંફ તણા શબ્દો પડયા એ કર્ણ પર,***
***ને આજ આ શબનમ મહીં એક ફૂલ તો મહેંકી ઉઠયું.''***

## રંગ મને લાગ્યો

મારા વ્હાલા શામળિયાનો રંગ મને લાગ્યો
મારા અંતર નો સાંચો એ સથવારો
મારા સઘળા સંબધોનો એરે સરવાળો ...મારા
મુજ સંગે રમતો ને મુજ સંગે જમતો
નવ જાણું અતોપતો, મારા હૈયામાં વસતો...મારા
સઘરે જગતનો સરતાજ મારો રે શામળિયો
જગથી ન્યારો નિરાલો મારો રે શામળિયો...મારા
પલપલ મુજને સંભારતો વ્હાલો રે શામળિયો
મારા નૈનોમાં જ્યોતની અંજની અંજવાળતો...મારા
વિશ્વાસ શ્વાસ મુજ અંતરીયે ભરતો
મારા ધનનો કુબેરો મારો વ્હાલો રે શામળિયો
વિસર્યોના વિસરાય મારો વ્હાલો રે શામળિયો...મારા
મારા વ્હાલા શામળિયાનો રંગ મને લાગ્યો.

***- ઉષા એસ ધારીયા.***

# પંચેન્દ્રિય પરે બુદ્ધિ

જીવ જંતુને પ્રભુજીએ બે ઈંદ્રિય આપી છે. પશુપંખીને ચાર ઈન્દ્રિય આપી છે. અને માનવીને પાંચ ઈંન્દ્રિય આપી છે. આતો પ્રભુજીની દેણ છે. કર્માનુસાર તોલાય અને હકીકત છે. પરંતુ એ પરે પ્રભુજીએ માનવીને બુદ્ધિ આપી છે અને આ બુદ્ધિની તુલના કરતાં માનવી ચાંદ પર પહોંચી ગયો છે. માનવીનું કોમ્પ્યુટર માઈન્ડ અનેકાનેક શોધોથી દુનીયા અને દુનિયાના માનવો એકદમ નિકટતમ આવી ગયા છે અને આ પણ દેણગી તો પ્રભુજીની છે અને પંચેન્દ્રિયની પરે મળેલી બુદ્ધિની ગીફટ છે. હવે આ બુદ્ધિનો બે રીતે ઉપયોગ થઈ રહ્યો છે. સદ્ બુદ્ધિ અને દુબુદ્ધિથી સદ્‌બુદ્ધિથી ઋતંભરા દીદીએ 'વાત્સલ્ય ધામ', વૃંદાવનમાં મોટું સંસ્થાન ઉભુ કર્યું છે. આમાં ત્યજી દેવાયેલા અનાથ બાળકોને પ્રેમથી અંકુરિત કરી પ્રભુજીની આપેલી બુદ્ધિની ગીફટને નવાજીને થેક્યું કરેલું છે. એમ માનવાને કોઈ જ વિમાસણ નડતી નથી. હવે આપણે દુર્બુદ્ધિથી થયેલા માનવીના કોમ્પ્યુટર માઈન્ડથી સર્જેલા આતંક અને બોમ્બ બ્લાસ્ટને ગણાવી શકીએ.

આવી દુર્બુદ્ધિથી નિર્દોષ માનવી સફર થાય છે અને એ સત્ય હકીકત છે. આતંકને સોચવા નિવારવા તો રહ્યા છે. બેઝ તો બહુ નાનો છે. ફક્ત મુળ અને બીજ અંકુરિત થયેલા નિહાળી શકાય છે. અને આ પ્રાશ્ચાત દેશમાંથી આવેલા વાયરાની લહેર છે જે રીતે છૂટાછેડા થાય છે. અને કુંડલીઓ મેળવીને કરાયેલા સગાઈ લગ્નને જુઠલાવાય છે. ઉપર કહયું તેમ બીજ હજુ અંકુરીત જ થયું છે. અને આમાં બોમ્બ બ્લાસ્ટમાં જેમ નિર્દોષો સફર થાય છે તેમ નિર્દોષ બાળકો જરૂરથી સફર થાય છે આ બીજ ફૂલે ફાલે અને ઘરઘરકી કહાની બને નહી એ માટે માત્ર ઈશારા સૂચક આંગળી ચિંધણું કર્યું છે. અને સદ્ બુદ્ધિ અને દુબુદ્ધિની પ્રભુજીની આપેલી દેણગીની તુલના માત્ર છે.

પંચેન્દ્રિય પરે બુદ્ધિનો સદ્ ઉપયોગ થતો પણ નિહાળ્યો છે. આવા સર્વ શ્રેષ્ઠી દેવતુલ્ય આપણા મહાત્મા ગાંધી બાપુ અને બીજા અગણિત એવા રત્નોથી છલકાયેલો છે. ભારત દેશનો રત્નાકર પરંતુ આપણે તો સામાન્ય માનવી કહેવાઈએ. વીરોની તુલના સેં થાય? વીરોમાં સત્ય અને દાનવીરો પણ આવી જાય. પ્રભુજીની મળેલી દેણગીનો કોણ કેટલો ? કેવો ઉપયોગ કરે છે? પ્રભુ સર્વેને સદ્ બુદ્ધિ આપે એવા આર્સી વચનો તો ઘણાંને મળતાં હશે.

પ્રભુએ આપેલી ઈંન્દ્રિયોનો ઉપયોગ પશુઓ પણ નથી કરતાં તેઓ પણ ભૂખ લાગે ત્યારે જ ઘાસ ખાય છે અને સંકલ્પ વિના બીજા જીવોને મારી ફાડી ખાતા નથી. જ્યારે માનવીને પંચેન્દ્રિય પરે મળેલી બુદ્ધિને પ્રાશ્ચયાતના વાયરે ઉડાવી રહ્યો છે. અને એથી જ પવિત્ર વેદી પર લેવાયેલા શાપથોને એક માત્ર ડીવોર્સના શબ્દથી મિટાવી પણ દે છે. બુદ્ધિની દેણગીની વાત કરતાં બીજા માટે ચડી જઈ રહ્યા છે.દુનિયા ઉચા ચશમાની જેમ નરી આંખે ચાલતાં ચલચિત્રો જેવા દ્રશ્યો જોતા જ રહીએ છીએ. પંચેન્દ્રિયથી પરે અને પશુથી પણ પરે મળેલી બુદ્ધિએ માત્ર પ્રભુજીની પ્રેમથી મળેલી ગીફટ છે એ વિચારીએ અને વિચારીને ચાલીએ તો બસ છે.

વોલનટ અખરોટ તો સર્વે કોઈ ખાતા જ હશે. પરંતુ તેને ધ્યાનથી જોવાની ફુરસદ બહુ ઓછાઓએ ફાળવી હશે. બહારથી તેનું પડ નક્કર છે. અને એ ફોડતા અંદરના મીજ સુરક્ષતિ રીતે ગોઠવાયા છે અને તેમાં પણ સળોની કરચલીઓ પુષ્કળ હોય છે.

અખરોટના મિંજ ખાવામાં ગુણકારી હોય છે. અને તૈલી પણ એજ  જ રીતે એ આપણા શરીરની ઉપરે ગોઠવાયેલું મસ્તકનું લેયર હાર્ડ હાડકાનું બનેલું છે અને અખરોટના મિંજની જેમ સળોની કરચલીઓ પડેલું નાનું અને મોટું મગજ રહેલું છે અને પ્રભુએ આમાં બુદ્ધિને સુરક્ષિત રાખેલી જેમ આપણે આપણી પાસેના ધન-દાગીનાને સુરક્ષિત તિજોરીમાં મૂકીએ તેવી જ રીતે સુરક્ષિતતા જાળવી છે. પરંતુ જેટલી સાચવીને બુદ્ધિ મૂકી છે એવી જ સાવચેતીથી આપણે સદ્ માર્ગે બુદ્ધિને વાપરીએ તો પ્રભુજી તરફથી મળેલી ગીફ્ટનો સદ્ ઉપયોગ થશે જ થશે. વિદ્યાની દેવી સરસ્વતી તો તિક્ષ બુદ્ધિવાળા પર રીઝે છે. મધર ટેરેસાની જેમ ઋતંભરા દીદીએ પણ સાચા અર્થમાં વાત્સલ્ય ધામમાં અનાથ બાળકોની મૂરઝાતી જીંદગીને પ્રેમથી સીંચી એ ભારતની નારી રત્ન બની રહ્યા છે. એવી જ બીજી સંસ્થા ઉદયપુરમાં નારાયણ સેવા સંસ્થાના સદ્ પ્રવૃત્તિઓથી ધમધમી રહ્યું છે. ત્યાં અપંગ બાળકોની સેવા થઈ રહી છે એ એક મંદિરથી પણ વિશેષ સક્રિય સંસ્થાન છે. શરૂ કરનાર પ્રથમ કોઈ એકની સદ્‌બુદ્ધિ કામ કરી ગઈ છે. પછી એ સંસ્થાન ફલી ફૂલીને સેવાના ધર્મ વૃક્ષને સીંચી રહયું છે. આવી બીજે પણ અનેક સંસ્થાન શરૂ કરેલા છે અને એ છે વૃદ્ધાશ્રમ ડાકોરમાં પુનિત મહારાજે શરૂ કરેલું આ સંસ્થાન છે, વાશીમાં પણ છે અને બીજે પણ અનેક ઠેકાણે વૃદ્ધાશ્રમ, અનાથાશ્રમ ચાલી રહ્યા છે. આ ચાલુ કરનાર કોઈ વિરલ વ્યક્તિનું કોમ્પ્યુટર માઈન્ડ બુદ્ધિને સન્માર્ગે ખર્ચી રહ્યું છે એ નિશ્ચિત છે પાશ્ચાત દેશના વાયરે ખાણી,પીણી, માણી મળેલી બુદ્ધિની દેણગીને સદ્ માર્ગે નિસારે તો કેવું ?

કર્મની તુલના કરી આ જન્મને તો સાધન, સંપન્ન, સુંદરસ સુડોળ, દેહ, બુદ્ધિ પ્રભુજી તરફથી મળી છે. માત્ર મારા વિચારોની વંદના છે. પ્રભુજીને કેમ રીઝાવશો. એ તરફની સૂચક દિશા દાખવી છે. મન માને તો બીજનું વૃક્ષ બને એ માટેનું ખાતર પાણી, હવા બનશો એ જ અભ્યર્થના. પંચેન્દ્રિયની પરે મળેલી બુદ્ધિ પ્રભુજીની દેણ છે એ કદી વીસારશો નહી. સદ્ બુદ્ધિના દાતા બનો.

*- ઉષા એસ. ધારીયા.*

## -: ભ્રમરગીત :-

જ્ઞાનને ભક્તિ કેરો સંવાદ ભ્રમર ગીત છે,
ઉધ્ધવ અને ગોપીજનો વચ્ચેનો વાર્તાલાપ છે.
એકને મન શ્રી કૃષ્ણ, નિર્ગુણને નિરાકાર તત્વ છે,
એ અજન્માને અમર, માતાપિતા રહિત છે.
સાધના, જપ, તપ થકી, જન્માંતરે પામી શકાય.
નરી આંખે દેખાય ના તોય છે, હતા, રહેશે અને
બીજાને મન શ્રીકૃષ્ણ તો, સગુણને સાકાર છે.
દેહ ધરી માનવ કેરો ધરા પર, બાળલીલા કરી છે,
દેવકી-વસુદેવના જાયાને, નંદયશોદાના લાલા છે.
ગોપીજનોના પ્રાણવલ્લભ, રાધાના તે પ્રાણ છે.
હોય જો ના નયનો સુંદર, શી રીતે ચિત્તચોર થયા ?
કઈ રીતે ગોપીજનોના સુખ ચેન છિનવાઈ ગયા ?
મુખ જો નહોતુ તો કરીતી કઈ રીતે માખણ લીલા ?
પ્રાણપૂતના ના હર્યાને બંસીવાદનની લીલા ?
કરકમળ જો બે નહોતા, કઈ રીતે કર્યા ચીર હરણ ?
કઈ રીતે આરોગ્યો અન્નકુટ, ગોર્વધન પૂજા સમે ?
ચરણકમળ વિણ રચાવ્યાતો શી રીતે મહારાસ ?
કઈ રીતે ગૌચારણ કરી, ગોવિંદ કહેવાયા જગે ?
આવ્યા'તા જ્ઞાનોપદેશ કરવા ગોપીઓને જે ઉધ્ધવ
વહી જઈ ભક્તિ પ્રવાહમાં વિસરી ગયા છે જ્ઞાનને

***- સતીશચન્દ્ર ભી. પરીખ (રોકડીયા)***

# બેકારી

બેકારી - દરેક મનુષ્ય માટે આ શબ્દ એક અભિશ્રાપ છે એમાંય શિક્ષતિ લોકો માટે ખાસ. શિક્ષતિ બેકારીની સમસ્યા શિક્ષાના દામન પર કલંક છે. સરકાર અને સમાજ બન્ને મળીને આ સમસ્યાનો અંત કરી શકે છે.

દરેક વ્યક્તિ ભણે છે શા માટે? પોતાના પગ પર ઉભા રહેવા માટે એટલે કે આત્મનિર્ભર બનવા માટે સારી નોકરી મળે એ માટે લોકો શિક્ષા પ્રાપ્ત કરે છે. પરંતુ ઉંચી ડીગ્રી હોવા છંતા યુવાનોને નોકરી આસાનીથી મળતી નથી. આજે Computer યુગમાં પાંચ માણસનું કામ એક માણસ કરે છે. તો ચાર માણસ બેકાર બેસી રહે એનું શું? એ માટે સરકારે વિચારવું પડશે. એમાંય મોટી મોટી કંપનીઓ નાદારી કરે તો હજારો માણસો નોકરીમાંથી હાથ ધોઈ બેસે છે. આ સમસ્યાનો ઉકેલ શોધવો જરૂરી છે. આ માટે સરકારે એવી યોજના બનાવી જોઈએ જેથી શિક્ષતિ લોકો ને કામ મળે.

કવિ વિપિન પરીખની કવિતા તમે વાંચી છે? ન વાંચી હોય તો હું અહીં રજુ કરું છું.

'ખાલી ગજવાના અનેક ડુસકાંની વાત' (બેકારી બિમારી)

હરિ,
તને લાચારીનો રોટલો પીરસવામાં આવે
તો તું શું કરે?
જમે કે પાછો ઠેલે?
તને આમંત્રણ આપવામાં આવે ને પછી
મોં સામે ફટાક કરી
બંધ કરવામાં આવે જો દ્વાર
તો તારા નયન શું કરે?
ભભૂકી ઉઠે? કે રડી પડે?
માર્ગમાં,
નિર્દોષ મને કોઈ સળગતો પ્રશ્ન પૂછી બેસે.
'ક્યાં છો હમણા?'
તો તું શું કરે? જમીન શોધે?
દસ થી છ કામ પર ગયાનો ડોળ કરી
સાંજે પાછો ફરે ઘરે
અને દીકરી ત્યારે પૂછે
'પપ્પા શું લાવ્યા'?
ત્યારે તુ મુઠી ખોલે કે બંધ કરે?
રાતે, પથારીમાં કણસતા કણસતા
પડખુ બદલતા
કોઈ(પત્ની) ઘેન ભર્યા સ્વરે પુછે,
'તમને ઉંઘ નથી આવતી'?
તો, તું સુવાનો ઢોંગ કરે?
કે પછી જાગતો જ પડી રહે?
બોલ હરિ તું શું કરે?

- ગુજરાતી સાહિત્યના અર્વાચિન કવિ શ્રી વિપિન પરીખની આ કવિતામાં બેકારીની લાચારીની વાત છે. બેકાર માણસના કેવા હાલ થાય છે. સમાજમાં તરછોડાય, પત્ની પાસે જુઠો દેખાવ કરે, બાળકો પાસે ભોઠોં પડે, સ્વમાન ટકાવી ન શકાય. એવા જીવને રાતભર ઉંઘ ન આવે. ચારે બાજુથી નિરાશા સાંપડતા નાયક આસમાનની ઉપર બિરાજતા ભગવાનને પ્રશ્ન પુછી બેસે છે. કે 'બોલ હારિ મારી જગ્યાએ તું હોય તો તું શું કરે? ભગવાન પોતે બેકારી જીરવી શકે ખરા? છે કોઈની પાસે આનો જવાબ? આનો જવાબ મેળવવા ભગવાનને આસમાન પરથી જમીન પર બોલાવવા પડશે.

ચાલો આપણે Judgement કરીએ કે ભગવાન આનો શું જવાબ આપશે ? મારા મત પ્રમાણે ભગવાન જવાબ આપશે કે, સાચે જ મનુષ્ય મહાન છે. આવી બેકારીમાં જીવે છે. બેકારીને જીરવી શકે છે. હું તો મારી જાદુઈ શક્તિથી બેકારી નાબુદ કરી દઉં, મનુષ્ય ધન્ય છે. ગમે તેવી કપરી પરિસ્થિતમાં સામનો કરવાની તેનામાં શક્તિ છે.

આશા રાખું છું કે સરકાર આ સમસ્યાનો જલ્દીથી નિવેડો લાવે જેથી કોઈપણ વ્યક્તિ બેકાર ન બેસી રહે. દરેકને કામ મળે. ....દરેક વ્યક્તિ ખુશ રહે. શાંતિથી તેમજ સંતોષથી જીવી શકે.

***- અમીતા અજીતકુમાર પરીખ***

**Shree Balasinor Navyuvak sangh**

## CRICKET NEWS

Dear Cricker Lovers,

The Bus Lalkha-Bera 20-20 Trophy for the year 2008-2009 will be held in the month of April. However due to problems of ground availability the tournament might be held on saturday also. Four teams will be selected & 2 matches will be played with the winner's playing the final for the trophy.

Entry fee will be Rs. 150/- for one match. Teams reaching the final will have to pay another Rs. 150/- per player.

For enrolling your names & enquiring the dates of matches kindly contact:
**Kinjal Parikh : 9820815584,**
**Chirag Oarikh : 9821574856 / 23444157**

Only 60 entries will be a accepted on first basis. The Dates for enrolling are between 20th march-25th march.

*Kinjal Parikh - Convener*
*Manjul Dharia - Secretary*

# શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ

## આયોજીત

## વ્રજની સૂકી પરિક્રમાના સંભારણા

૫૧ શુકનીયાળ વૈષ્ણવોનો સંઘ લઈને આ પરિક્રમાનું આયોજન ૩.૨.૨૦૦૯ થી ૧૪.૨.૨૦૦૯ સુધી કરેલ હતું. સ્વાદીષ્ટ ભોજન, બેઠક સુધી જવા માટે કોલીસ ગાડીનો સથવારો ભજન કીર્તન રસીયાની રમઝટ, ચૂંદડી મનોરથ, ગીરીરાજીનો કૂનવારો મનોરથ, યમુના નદીનો રાત્રીનો દીપ પ્રાગટયોત્સવ આ ત્રણે પ્રસંગો વડીલોની રખાયેલ પૂરેપૂરી સંભાળ તથા મુંબઈ થી મુંબઈનો આવવા જવવાનો બસ અને ટ્રેનની સગવડ બધાનો ખ્યાલ રાખવામાં આવ્યો હતો. અને પૂજાના દિવસે પરિક્રમાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો અને સહી સલામત આ પરિક્રમા પ્રભુની અસીમ કૃપાથી પાર પડી હતી.

આવી જ રીતે ભવિષ્યમાં આપ સૌ વૈષ્ણનોના સાથ અને સહકારથી ધાર્મિક યાત્રાનું આયોજન કરતા રહેશું અને આપ સૌ એનો લાભ લેશો.

**તા.ક.**

૧. કીર્તનીયા મંડળમાં જે વૈષ્ણવભાઈને જોડાવાની ઈચ્છા હોય તો તેઓ મંત્રીશ્રીનો સંપર્ક કરે.

૨.મહા ઓચ્છવ કોર્પસના રૂા. ૨૦૦૦/- મોકલી મનોરથી બનશો તો સમાજને તેના ઉત્સવોમાં આપ પણ સહભાગી થશો.

૩.મહાઓચ્છવ અને ફગવા ઉત્વસના મનોરથી બનવા માટે બંધ કવરમાં આપ આપની ઓફર આપી શકો છો.

*લિ. બીપીન કીરતનલાલ દોશી,*
*મંત્રી શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ*

# શ્રીજી

## (ઉપકાર)

અંતર વધ્યા સંસાર કેરા,
અંતર ધરયા શ્રી દરબારના
કર્મ એવા કરજે, શેષ જીવન જીવતા,
જનમ ના લેવો પડે દુજા ભવમાં!
સૃષ્ટિનું સરજન જેણે કર્યું,
ચિત્ત એમાં લપટાયું !
ભૂલતો ના જનમ જેણે દીધો,
એજ બેલી, અંત સમયનો!
સંસાર પ્રત્યેની, ફરજ અદા કીધી,
લાગણીમાં ઓટ વરતાતી રહી.
અરજી 'દાસ' કેરી શ્રીજીએ સુણી
ભક્તિ હવે પાકટ બની
માનવ દેહ મળ્યો તુજને,
'ઉપકાર' શ્રીજીનો માનજે!

***- 'ચાંદશા', ચંદ્રકાંત શાહ (ચટઈ)***

# બંસરી

મીઠી મધુરી બંસરી વાગી
ગોકુળયુ ગામને કિરણે વાગી
કાનાને બંસરી પ્યારી લાગે
રાધાને બંસરી ન્યારી લાગે
ભરરે નિદ્રામાં ગોપીઓ જાગી
ઝાંઝરને ઝમકારે દોડતી આવી
જશોદાને બંસરીના નાદ સુણાય,
નંદજી હૈયામાં કાંઈ કાંઈ થાય
બંસરી મેલીને કાનો મથુરા જાય
રાધાને બંસરી સોંપતો જાય
વિરહમાં એ તો તડપતો જાય
રાધાની યાદમાં ઝુરતો જાય

***- સરલાબેન દેસાઈ***

# કંઈક બનો

જો તમને પર્વતની ટોચના પાઈન ન બની શકો,
તો ખીણમાં રહેલું ઝાડવું બનો,
ખળખણ વહેતી નદીના કાંઠે ઊગેલું ઝાડવું બનો. તમે
ઘટાદાર વૃક્ષ ન બની શકો તો કાંઈ નહીં
સુંદર મજાનો છોડ તો બનો - કંઈક બનો.

જો તમે સુંદર મજાના છોડ ન બની શકો,
તો કોમળ કોમળ ઘાસ બનો.
અને કોઈક રસ્તાને ખુશનુમા બનાવી દો.

જો તમે કસ્તૂરી મૃગ ન બની શકો,
તો તરવરતી માછલી બનો
આખા સરોવરમાં હિલોળા લેતી
માછલી બનો - કંઈક બનો

આપણે બધાં 'કેપ્ટન' ન બની શકીએ,
પણ 'ક્રુ'તો બની જ શકીએ.
અહીં બધા માટે કંઈક ને કંઈક તો છે જ.
ઘણાં કામો કરવાની યાદી લાંબી છે,
અને ઘણાં કામો કરવા જેવાં પણ નતી.
અને જે કામ કરવાના છે
તે તો નજરની સામે જ છે.

જો તમે હાઈવે ન બની શકો,
તો નાનકડી પગદંડી તો બનો
જો તમે સૂર્ય ન બની શકો,
તો ટમટમતો તારલો બનો - કંઈક બનો.
તમે જીતની કે હારની અપેક્ષા રાખ્યા વગર
તમે જે કંઈ છો, તેમાં શ્રેષ્ઠ, બનો
શ્રેષ્ઠ બનો, કંઈક બનો.

***- કવિ ડગ્લાસ***

***('જિંદગી જીવો અને કામને માણો' પુસ્તકમાંથી પ્રેરણાત્મક અને વ્યવહારુ સૂચનો દર્શાવતી કવિતા)***

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**

**શ્રીમતી મંજુલાબેન નવનીતલાલ પરીખ (બખલી) પુરુસ્કૃત**

# વસ્તી પત્રક ૧૦ મી આવૃત્તિ

જત જણાવવાનું કે વસ્તીપત્રક પ્રીન્ટીંગનું કામ ચાલુ થઈ ગયું છે.વસ્તીપત્રકની ૧ લી ડમી બુક તા. ૧૦.૫.૨૦૦૯ થી ૩૦.૫.૨૦૦૯ સુધી નીચે જણાવેલ સ્થળો પર મુકવામાં આવશે. તો દરેક જણને વિનંતી કે પોતાની વિગતો વ્યવસ્થિત ચેક કરી લે અને જો કોઈ ભૂલચૂક હોય તો તે ડમી બુકમાં સુધારા કરી લે. જે કોઈ કુટુંબની વિગતો ન છપાઈ હોય તેઓ ખાતરી કરી લે કે ફોર્મ અપાયું છે કે નહીં. જો કોઈ કારણસર ફોર્મ ભરીને આપવાનું રહી ગયુ હોય તો હજી પણ સમયસર નીચે જણાવેલ સ્થળોએ સંપુર્ણ વિગતો ભરીને જમા કરાવી દે. તે પછીના આવેલ ફોર્મ માટે સંસ્થા જવાબદાર રહેશે નહીં, એ વાતની ખાસ નોંધ લેવી.

**સ્થળો :**

**૧) શ્રી બાલાસિનોર નવયુવક સંઘ કાર્યાલય : ૧૧૨/૧૨૦, આરદેશર દાદી સ્ટ્રીટ, વી. પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪**

**૨) ચંદ્રેશ એન્ટરપ્રાઈસ કોરપોરેશન : ૧૩, દેવકરણ મેન્શન, પાઠક વાડી, લોહાર ચાલ, મુંબઈ - ૪૦૦ ૦૦૨**

**૩) શાહ એન્જીનીર્યસ એન્ડ ઈક્વીમેન્ટ કોર્પોરેશ : ૬૪, નાગદેવી સ્ટ્રીટ, ભોંયતળીયે, મુંબઈ - ૪૦૦ ૦૦૩.**

**૪) અજય પ્રવિણચંદ્ર દોશી : બી-૨, નરશી ભવાની, લલ્લુભાઈ પાર્ક રોડ, એક્ટેન્શન ૧, ઈર્લા, (વિલેપાર્લા), અંધેરી (વેસ્ટ).**

**૫) ગોપાલ રમણલાલ કડકીઆ : ૫૦૧, ગ્યાન દર્શન, એસ.વી.પી.રોડ, મ્યુનીસીપલ ગાર્ડનની બાજુમાં, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ-૬૭.**

**૬) હેમેન્દ્ર રમણલાલ શાહ : સી/૩૦૨, સુમેર નગર, એસ.વી. રોડ, બોરીવલી (વેસ્ટ).**

***સંયોજક : જાસ્મીન શેઠ - મંત્રી : મંજુલ ધારીયા***

## જ્યોતિપુંજના નવા મેઈલીંગ એડ્રેસ માટે અગત્યની સુચના

જે પણ સભાસદ ભાઈ બહેનોને જ્યોતિપુંજ નવા સરનામે જોઈતુ હોય તેઓને વિનંતી કે પ્રકીર્ણ વિભાગ ઉપરાંત આ મુજબની સુચના નવા તથા જુના એડ્રેસ તથા સભાસદ નંબર અથવા વસ્તી પત્રક ક્રમાંક નંબર સાથે પ્રગતિ સમાજની ઓફિસમા સોમ થી શનિ ૪ થી ૬ દરમ્યાન કિર્તી હીરાલાલ કડકીઆ અથવા સમીર જયેન્દ્ર ગાંધી- નિકોશી ટ્રેડીંગ કું., ૧૨/૫, કારમેલોસ બિલ્ડીંગ, પહેલે માળે, ૬૩/૬૭ પાઠક વાડી, લોહાર ચાલ, મુંબઈ-૨. ફોન : ૨૨૦૬૦૨૯૪ /૨૨૦૩૮૦૭૭ Email.nikoshi@vsnl.com ને મોકલવાનું રહેશે આ સિવાય કોઈ પણ મૌખિક સુચના સ્વીકારવામાં આવશે નહી. ***સંયોજક - સમીર ગાંધી, મંત્રી- મંજુલ ધારીઆ***

# Shree Balasionr Navyuvak Sangh
# B.N.S.Lalkha Criket Tournament 2008-2009

**Clean Sweep Victory 4-0**

This year B.N.S. Lalkha Criket Tournament was organized from 20th -23rd January 2009 at P.J.Hindu Gymkhana ground. Visiting team from Balasinor viz. Babi team & Sarvodaya team v/s B.N.S.team participated in the tournament.

Congratulation to the B.N.S. team for winning all the four matches played, with thumping majority & Clinching the series with a clean sweep victory in the tournament, with the result 4-0.

Thanks to the Managing Committee of Shri.Balasinor Navyuvak Sangh, for keeping faith in me by way of appointing me as the Convener of Cricket Samiti (2008-09) & allowing me to organize this tournament after a long span of 8 years on my request.

Thanks to Shri.Dilip Dharia (Lalkha) for giving me this opportunity to organize such a wonderful & exciting event here in Mumbai. I am sure you all had privilege to watch live in action the two visiting teams v/s B.N.S. team

I thank my committee members (Shri Samir Dharia, Shri Nirav Desai, Shri Chirag Parikh, Shri Nihar Kadakia) for lending me a whole hearted support in carrying out the assigned task.

Every captain has a dream to win the tournament, I thank my entire team who played the entire tournament with real spirit & helped me in clinching the series 4-0 in style.

On behalf of my entire team I thank our team manager Shri Sanjiv Dharia for his kind support & guidance, both on the field & off the field throughout the tournament and for leading our team to the victory.

Special thanks to our Sponsorers Shri Parimal Shah (Apex Engineering) for sponsoring cricket accessories to the entire team.

Thanks to Shri Pradeep Kadakia (President, B.N.S.)for sponsoring Leather carry bags for the Man of the match award for the tournament.

Special thanks to Shri Dilip Dharia (Lalkha), Shri Daxesh Kadakia & Shri Minish Kadakia for their kind support in administration work with two teams in Balasinor.

Thanks to Shri Dillip Dharia (Lalkha)for sponsoring cash prizes for 4's & 6's in the tournament. Thanks to Shri Paresh Parikh & Nitin Parikh (Bakhli)for sponsoring cash prizes for wickets in the tournament.

Thanks to all the doners for their support, without their support it would not have been possible to organize such a great event.

And last but not the least, thanks to all those members presents on the ground to watch this live action & boosting the morale of our team.

Special thanks to Shri Rakesh Kadakia (Vishesh Capitals) for cash reward prize of Rs. 51,000/= for winning the series with 4-0.

Special thanks to Shri Parimal Shah, Shri Chintak Parikh & Shri Samir Dharia for arranging the party for the winning team.

I wish as a team we will continue to show the same performances in the years to come & expect to receive the same support from the members of our community.

Thanking You,

***Kinjal Parikh*** – *Cricket Convener*

# List of Donors :

Shri Dilip Dharia (Lalkha)
Shri Jatin Desai
Shri Manjul Dharia
Shri Rajendra Desai
Shri Suketu Parikh
Shri Jagdish Dharia
Nimesh Book Depot
Pushti Electrical Pvr.Ltd.
Shri R.K.Latkari
Well Wisher
Shri Jigar Kadakia
Well Wisher
Shri Sanjay Mody
Shri Amit Kadakia

Shri Daxesh Kadakia
Shri Ushanas kacheria
Shri Yogesh Dharia
Shri Vineet Mody (Dev)
Shri Nikhil Parikh (Lai)
Shri Apurva Dharia
Shri Pankaj Parikh (Bakhli)
Shah Commercial
Indo Bombay Trading
Shri Bhavik Parikh
Shri Kamlesh Mody
Shri Saumil Mody
Shri Mitesh Dharia
Shri Deepak Mody

Shri Minish Kadakia
Shri Mayur Parikh
Shri Jaiprakash kadakia
Shri Jayesh Parikh
Shri Shirish Shah
Shri Paresh Kadakia (Bera)
Novatec Engineering
Shri Shailesh (Dhangela)
Shri Dilip Kadakia
Shri Bankim Parikh
Well Wisher
Shri Bipin Gandhi
Shri Gopal Seth
Shri Hitesh Parikh



***Standing Left to Right 1) Apurv Dharia, (2) Nirav Desai (Vice-Captain), (3) Niren Dharia, (4) Sandeep Dharia, (5) Kinjal Parikh (Captain), (6) Chirag Desai, (7) Sanjiv Dharia (Manager), (8) Shiten kadakia, (9) Jigar parikh, (10) Anish Doshi. Sitting (Left to Right) _ 1) Samir.C.Desai (2) Nihar Kadakia, (3) Anand Shroff, (4) Chirag Desai, (5) Shamik Shah, (6) Samir R.Desai.***

## SCORE CARD

**FIRST MATCH-20-1-2009 B.N.S.v/s Babi Played at P.J.Hindu Gymkhana**

B.N.S. won the toss & elected to bat first

B.N.S. team-125 for 7 wkts in 40 overs. Batting: (Niren Dharia 41, Anand Shroff 68, Samir.C.Desai 27, Samir R.Desai 27*, Nirav Desai28*), Bowling:(Tikam 3 for 32).

Babi team-114 all out in 28.4.overs. Batting:(Ashif Malik 31, Altaf.S.24) Bowler: (Nirav Desai 3 for 14, Jigar 3 for 32, Samir.R.Desai 2 for 18).

B.N.S.team won by 137 runs. Best Batsman:Anand Shroff, Best Bowler:Jigar Parikh, Best Fielder:Kinjal Parikh&Man of the match: Nirav Desai

**SECOND MATCH - 21-1-2009 B.N.S. v/s Babi played at P.J.Hindu Gymkhana.**

B.N.S. won the toss & elected to bat first.

B.N.S. team-300 for 6 wkts in 40 overs. Batting:(Niren Dharia 116, Anand Shroff 36, Sandeep Dharia 47, Samir.C.Desai 31) Bowling: (Gullam Shaikh 2 for 36, Farid 3 for 61.)

Babi team-156 all out in 37 overs. Batting:(Ashif Malik 38, Tikam 35) Bowling:(Nirav Desai 3 for 14 Jigar 3 for 32, Samir.R.Desai 2 for 18).

B.N.S.team won by 144 runs. Best batsman: Niren Dharia, Best Bowler:Nirav Desai, Best Fielder: Kinjal Parikh & Man of the Match: Niren Dharia.

**THIRD MATCH - 22/1/2009 B.N.S.v/s Sarvoday (Patel Team), Played at P.J.Hindu Gymkhana.**

B.N.S. won the toss & elected to bat forst.

B.N.S. team-258 for 8 wkts in 40 overs. Batting:(Niren Dharia 30, Shiten kadakia 36, Anand Shroff 30, Samir.C.Desai 38, Shamik Shah 52)Bowling:(Bhavesh Patel 2 for 42. Sujit Patel 3 for 47.)

Sarvodaya team-164 all out in 33.5 overs. Batting: (Dipen Patel 30, Asit Patel 25, Best Fielder: Anish Doshi & Man of the Match; Shamik Shah.

**FOURTH MATCH - 23-1-2009 B.N.S. v/s Sarvodaya (Patel Team), Played at P.J.Hindu Gymkhana.**

Sarvodaya (patel) team won the toss & elected to bat first.

Sarvodaya team - 196 for 7 wkts in 40 overs. Batting:(Hitesh Patel 30, Dipen Patel 25, Amit Patel 30, Sujit patel 28, Mazhar.31*) Bowling: (Sandeep Dharia 1 for 18, Samir R.Desai 2 for 16).

B.N.S. team-197 for 5 wkts in 27.3 overs. Batting: (Niren Dharia 25, Sandeep Dharia 59, Samir.C.Desai 40*)

Bowling:(Vikas 1 for 20, Amit Patel 1 for 19, Sujit Patel 2 for 40).

B.N.S. team won by 5 wkts. Best Batsman: Sandeep Dharia, Best Bowler: Samir.R.Desai, Best Fielder: Niren

Dharia & man of the Match: Sandeep Dharia.

Man of the Series: NIREN DHARIA.

# A REQUEST FROM LINK MINDED COMMUNITY DOCTORS

As you know our community comes out with monthly Gujarati Bulletin "Jyoti Punj". An application form was printed in the issue of Feb 2009 for becoming member of"The Balasinor Medical Association".

The idea was floated by a few like minded medical practitioners of our community to fulfill our long cherished dream of joining together as one unit with the following main objectives:

1. All will agree that there has been ever increasing numbers of doctors and paramedical in our community, but very few of us know each other. This Association of our's will provide a platform to know each other (Senior doctors, Consultant, Family physician, Dental surgeon, Ayurvedic doctor, Homeopathic doctor and practitioners of various paramedical specialties like pathology lab technician, physiotherapist, speech theraipy, other medical related fields and upcoming doctor and paramedical). This we intend to achieve through regular get together.
2. To advise and work for the betterment of our community and society by providing information and imparting knowledge about the various diseases, especially the life style diseases like Diabetes, Hypertension, Heart diseases, Cancer etc.
3. To get involved in Management in various preventive health camp and medical related project.

**The Association membership is open to all doctor and paramedics. The yearly fee structure is as follow:**

Rs.1000/-(Rupees thousand only) for all practising Doctors.

Rs.500/-(Rupees five hundred lnly)for all Medical Student-Post MBBS medical students, homeopathic, ayurvedic, dentist, pathology technologist, physiotherapist, Occupational therapist and other medical related field.

Inaugural meeting of all Senior Doctors is expected to be held in April 2009 where office bearers will be decided and date for our first get together will be decided.

Please join in large numbers and make our dream a success. Inform all your friends and relatives. If response is good, we eventually intend to involve NRI Balasinorian of our fraternity.

**For details contact:Dr A Sevak 9821121244, Kinnari Sevak - 9821789569 or Dr Rajesh Parikh 9821789659.**

# ૮૦ વર્ષના યુવાન વડીલ મોહનભાઈ પરીખ !

૩૧મી જાન્યુઆરી ૨૦૦૯ના દિવસે 'અવસર'માં એક અવસર ઉજવાઈ ગયો. આ પ્રસંગે કેટલાક મિત્રો, સંબંધીઓ, સ્નેહીઓ અને આપણા સામાજિક કાર્યકરો એકઠા થયા હતા. ભાઈ રાજુ પરીખનો આ નિમિત્તે થોડા દિવસ પહેલાં ફોન હતો, હાજર રહેવા માટે. હા, મોહનભાઈ પરીખ (લાય)નાં ૮૦ વર્ષ આયુષ્યનાં પૂર્ણ થવા અંગેની આ ઉજવણીમાં સહભાગી થવાનો આ લખનારને સુયોગ સાંપડયો.

વાત મોહનભાઈની કરવાની હોય ત્યારે છ દાયકા પૂર્વેના બાલાસિનોરના કિશોરો યુવાનોના જીવનને તપાસવું પડે. સ્વ. કાન્તીભાઈ પરીખને પણ યાદ કરવા પડે. એમની વ્યાયામની, રેંટીયાની, ગ્રામ જીવનની પ્રવૃત્તિનો ચિતાર આપવો પડે. આ બધામાં જે ત્રિમૂર્તિએ આગળ પડતું કામ કર્યું તેમાં મોહનભાઈનો સિંહફાળો રહ્યો હતો.

પ્રૌઢ શિક્ષણ, સારિયાવડી-સરોડાની ગ્રામ્ય શિબિરો મહિલા પ્રવૃત્તિ વ્યાયામ શાળાનાં વાર્ષિક સંમલનો તથા બાલાસિનોરની વિદ્યાર્થી આલમના પ્રશ્નો હોય, એ બધાંને સંગઠિત કરવાના પ્રયાસો વગેરેમાં મોહનભાઈએ મહત્વનું યોગદાન આપ્યું હતું.

ખાદી જેમના અંગ સાથે ચામડીની જેમ ચિપકીને રહી છે એ મોહનભાઈનું તત્કાલીન સ્વરૂપ મારી આંખો સામે તાદૃશ થઈ રહ્યું છે. ખાદીનો ઝભ્ભો, લેંઘો, બગલ થેલો અને હરણ જેવી એમનાં ચરણોની ગતિ આજે ભુલાતી નથી.

એમના નેજા હેઠળ વણિક જ્ઞાતિની ધર્મશાળામાં મળેલી વિદ્યાર્થી પરિષદ અને એમાં તે સમયના વિદ્યાર્થી આગેવાનો સોમાલાલ શિરોઈયા તેમજ હરિહર ખંભોળજાની પ્રેરણાદાયક હાજરીએ બાલાસિનોરની વિદ્યાર્થી પ્રવૃત્તિના ઈતિહાસને એક નવો વળાંક આપ્યો હતો. ૪૨ની લોકક્રાન્તિના દિવસોમાં આપણા નવલોહિયા યુવાનોમાં જાગૃતિ લાવવાનું અદભુત કામ થયું હતું. આપણા આજના યુવાન વડીલ દ્વારા.

સમયાંતરે જેમ બધાને વતન છોડવું પડયું તેમ મોહનભાઈએ પણ ગામને અલવિદા કર્યું, મુંબઈ વ્યવસાયાર્થે આવી વસ્યા. અહીં પણ એમનામાં રહેલી કામ -સામાજિક સેવા કરવાની ધગશ બરકરાર રહી હતી.

આ પ્રસંગ ઉજવવાનો હતો એ દિવસે સવારે મોહનભાઈના અંતરંગ મિત્ર દિનકર કચેરિયા (વરખા)નો ફોન આવ્યો. કહે, મોહનભાઈ વિશે થોડું તારે બોલવાનું છે. રાત્રે જ્યારે મોહનભાઈની વાત કરવાની આવી ત્યારે આટલી રજૂઆત ખાસ કરીઃ મેં આપણાં બધાં જ મંડળોની સ્મરણિકાઓમાં નજર કરી. આશય હતો મોહનભાઈ કોઈક જગાએ પણ કાર્યકર તરીકે ગેરહાજર છે ખરા ? ના, મારી આ શોધ ખોટી પડી. બધાં જ મંડળોની કોઈને કોઈ પ્રવૃત્તિમાં એમનું નામ અચૂક હતું. આજે ૮૦ વર્ષની વયે પણ તેઓ ઘણાં બધાં મંડળો સાથે સંકળાયેલા છે. કાર્યરત છે. સલાહ-સૂચનો આપે છે. આવશ્યક હોય ત્યાં જાતે જઈ માહિતી મેળવી લે છે.

અલબત્ત આ બધું છતાં પોતાના વ્યવસાયમાં પણ એટલી જ લગનથી કામ કરે છે.

મોહનભાઈનો મારા અંગત જીવન પર પણ પ્રભાવ રહ્યો છે. યૌવનકાળમાં મારા જીવનની નાવને એમણે તુફાની સમુદ્રમાંથી સહીસલામત પાર ઉતારવા સલાહ આપી હતી.

સૂર્યાબેનની વિદાય પછી પણ એમનો સમાજ

સેવા પ્રત્યેનો અનુરાગ અકબંધ રહ્યો છે. એટલું જ નહીં, ઉત્તરોત્તર વધતો જાય છે. આપણી બધી સંસ્થાઓ તેમજ સામાજિક પ્રવૃત્તિઓની જંગમ વિદ્યાપીઠ સમા મોહનભાઈ આયુષ્યનાં ૮૦ માં વર્ષે આપણી વચ્ચે નિરામય અને તંદુરસ્ત રહી શકયા છે. એનું રહસ્યછે, એમનો સૌ પ્રત્યેનો પ્રેમ. ખિસ્સામાં બદામ રાખતા મોહનભાઈ આ બદામ માત્ર પોતાની માટે જ નથી વાપરતા કિંતુ તેઓ મળતા સૌ મિત્રોને બદામ વહેંચતા રહે છે. આમ પોતાનો પ્રેમ સૌ મિત્રોને, સાથી કાર્યકરોને આપતા રહે છે.

મોહનભાઈ, તમારું શેષ જીવન પણ આવું સદાબહાર, નિરામય અને શાંત સ્વસ્થ વીતે એવી શુભકામના.

*- પ્રવીણ દેસાઈ*

## શ્રી વાડાસિનોર વિદ્યોતેજક મંડળ

સહર્ષ જણાવવાનું કે હાલમાં ઉપરોક્ત મંડળને નીચે મુજબ દાન/ન્યાસફંડ પ્રાપ્ત થયેલ છે.

૧) શ્રીમતી પદમાબેન પ્રવિણચંદ્ર ઓચ્છવલાલ દેસાઈ (દેડકી)
રૂા. ૧૦૦,૦૦૦/-

૨) શ્રી કંચનલાલ છોટાલાલ ગાંધી (સુરતી)
(હસ્તે : શ્રી વિરેન્દ્રભાઈ ગાંધી)
રૂા. ૧૦૦,૦૦૦/-

આ દાન/ ન્યાસફંડ બદલ મંડળની કાર્યવાહક સમિતિના સભ્યો તેમજ ટ્રસ્ટીગણ સર્વે દાતાઓનો હાર્દિક આભાર માને છે.

*- કિરીટ રમણલાલ કડકીઆ (મલમ)*
*શરદ નટવરલાલ દેસાઈ - માનદ્ મંત્રીઓ*

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

## બાલાસિનોરમાં વસતા દશાનિમા જ્ઞાતિજનોનું વસતી પત્રક આવૃત્તી ત્રીજી

જયોતિપુંજના ગત અંકમાં આપેલી જાહેરાત મુજબ સદર વસ્તી પત્રકના પ્રકાશનનું આયોજન થઈ રહ્યું છે.

સદર વસ્તી પત્રકમાં ત્રણ વિભાગો પાડવામાં આવ્યા છે.

૧) બાલાસિનોરમાં વસતા દશાનિમા જ્ઞાતિજનોની સંપૂર્ણ વિગતો.

૨) બાલાસિનોરમાં ત્રણેક માસથી વધુ સમય રહેતા હોય તેવા દશાનિમા જ્ઞાતિજનોની સંપૂર્ણ વિગતો.

૩) બાલાસિનોરમાં જેમના પોતાના મકાનો હોય તેવા દશાનિમા જ્ઞાતિજનો પરંતુ બાલાસિનોરની બહાર અન્ય શહેરોમાં રહેતા હોય તેવા કુટુંબજનોની યાદી સીટી સર્વેમાં નોંધણી હોય તે મુજબની વિગતો.

ઉપરોક્ત ત્રણેય પ્રકારના ફોર્મસ આપ નીચેના સ્થળોએથી મેળવી સંપૂર્ણ વિગતો ભરી તા. ૩૦.૪.૨૦૦૯ સુધીમાં આપી શકો છો.

આ વસતી પત્રકના સૌજન્ય સ્વ. મણીલાલ ચંદુલાલ પરીખ (લાકડાવાલા) પરિવારના જ્યેષ્ઠ પુત્રવધુ અ. સૌ. શ્રીમતી કુસુમબેન રસિકલાલ પરીખ (લાકડાવાલા) છે.

આ વસતી પત્રકમાં દશાનિમા જ્ઞાતિનો ઈતિહાસ, મંદિરો, ધાર્મિક-શૈક્ષણિક સ્થળો, જ્ઞાતિનો રાજકિય સામાજીક, ધાર્મિક, શૈક્ષણિક, આદિ ક્ષેત્રે ફાળો વગેરેની વિગતો આપવામાં આવશે.

**ફોર્મસ મેળવવા આપવાના સ્થળો**

૧) શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ, મુંબઈ

૨) શ્રી મણીકાંતભાઈ કડકીઆ, બજારમાં, બાલાસિનોર

૩) શ્રી દિનકરભાઈ ઓ. શાહ (શહેરાવાલા), મદન મોહનજી મંદિર, બાલાસિનોર

***- શ્રી નીતીન પ્ર. ગાધી***
***શ્રી નિમેષ મ. કડકીઆ, મંત્રીઓ***

બાલાસિનોર નગરપાલિકામાં નોંધાયેલ મિલ્કતો ધરાવતા હાલ રહેવાસી મુંબઈના ઈસમોને જણાવવામાં આવે છે કે આપની મિલ્કતો નગરપાલિકામાં નોંધાયેલ છે. અને માંગણા બીલ તમોને મોકલવામાં આવેલ છે. પરંતુ મકાન બંધ હોવાને કારણે ટેક્ષ ભરાતો નથી. તો નીચેના સરનામે ચેક દ્વારા અથવા મનીઓર્ડરથી ટેક્ષ ભરપાઈ કરવા તજવીજ કરશો. મિલ્કત નંબર અવશ્ય લખવો.

ચેક **નગરપાલિકા બાલાસિનોર** ના નામે લખવો.

**બાલાસિનોર નગરપાલિકા કચેરી**
**બાલાસિનોર, જીલ્લા ખેડા**
**ફોન નંબર (૦૨૬૯૦) ૨૬૬૧૮૮**

## બાલાસિનોર સિનીયર ફ્રેન્ડસ ગ્રુપ

મંડળ ત્રીજા વર્ષમાં પ્રવેશ કરે છે. એપ્રિલ ૨૦૦૯ ગુરૂવાર તારીખ ૨ ના રોજ સાંજના ૬.૩૦ કલાકે પત્ની સહ, હીન્દુ જીમખાનામાં મળવાનું છે. રીન્યુલ તથા નવા વર્ષના સભ્યપદ માટે શ્રી કચરાલાલ રમણલાલ ડોશી પાસેથી ફોર્મ મેળવી ભરી આપવા વિનંતી. સભ્યપદ મર્યાદિત હોવાથી વહેલો તે પહેલા ધોરણે લેવામાં આવશે.

***- નટવર લટકારી, સંયોજક***

# શ્રી બાલાસિનોર કેળવણી મંડળ

C/o. સુજાતી ઈલેકટ્ર૪કલ એન્ટરપ્રાઈઝ, ૪૨, બાબુ ગેનુ રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૨
ફોન.:::::::::::::: ફેક્સ :::::::::::::-

## ભંડોળ માટે જાહેર અપીલ

આપણું કેળવણી મંડળ વતન બાલાસિનોરમાં ચાર શાળાઓમાં ૨૦૦૦ જેટલા વિદ્યાર્થીઓને શિક્ષણ આપી રહ્યું છે.

૧૯૫૦માં સ્થાપાયેલ મંડળની શાળાઓનાં મકાનોના નિભાવ માટે તથા રોજબરોજ વધતી વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓની સંખ્યાનો સમાવેશ માટે પી.વી. વિદ્યાલયમાં બે વર્ગખંડો બાંધવા અને પ્રાર્થના હૉલની જરૂરિયાત માટે નીચે મુજબ ફંડની આવશ્યકતા છે.

**૧) પ્રાર્થના ખંડ માટે રૂા. ૨૫ - લાખ**

**૨) બે વર્ગ ખંડ માટે રૂા. ૧૦ - લાખ**

**(પાંચ લાખના બે અથવા અઢી લાખના ચાર દાતા)**

**અને અગાઉ અપીલના પ્રતિસાદમાં મંડળના માજી પ્રમુખ સ્વ. નવનીતલાલ ધારીઆના સ્મરણાર્થે રૂપિયા અઢી લાખની રકમ પ્રાપ્ત થશે. બાકી રૂપીયા સાત લાખ પચાસ હજાર માટે આપ સો દાતાઓને અમારી નમ્ર અપીલ છે.**

પ્રાર્થના ખંડ માટે રૂપિયા પચીસ લાખની આવશ્યકતા છે. આ અંગે નામાભિધાન માટેની અમારી ટહેલ અપીલ રૂપિયા પંદર લાખની છે. જે કોઈ દાનવીર અમારી માંગ પૂરી કરી આપશે તઓની ઈચ્છા મુજબ પ્રાર્થના ખંડનું નામકરણ કરવામાં આવશે.

બાલાસિનોરના સ્થાનિક વતનીઓને તેમજ મુંબઈવાસી સૌ દાતાઓ, વિદ્યાર્થીઓના વાલીઓ વગેરેને અમે હાર્દિક અપીલ કરીએ છે. કે શિક્ષણના આ યજ્ઞમાં પોતાના ફાળો જરૂર નોંધાવો.

**લિ.**

**પ્રવીણ દેસાઈ - પ્રમુખ, રસિકલાલ લાકડાવાળા - ઉપપ્રમુખ**
**જતીન દેસાઈ - ચંદ્રકાન્ત દેસાઈ - મંત્રીઓ**
**મણીકાન્ત કડકીઆ - ચેરમેન શાળા સમિતિ અને**
**કારોબારી સમિતિના ટ્રસ્ટીઓ-સભ્યો**

# બાલાસિનોર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં સમારંભ તેમજ નોલેજ મેનેજમેન્ટ પ્રોગ્રામ

બાલાસિનોર આર્ટસ /કોમર્સ કોલેજમાં શ્રી ચંદુલાલ અમૃતલાલ પરીખ ચેરીટેબલ ટ્રસ્ટના ઉપક્રમે શૈક્ષણિક સિધ્ધિના ઈનામો તથા શ્રી કાન્તિલાલ લલ્લુભાઈ કડકીઆ ચેરીટેબલ ટ્રસ્ટના ઉપક્રમે શિક્ષણત્તર સિધ્ધિના ઈનામો તથા તૃતીય વર્ષ વિનયન અને વાણિજ્યના વિદ્યાર્થીઓ અને વયમર્યાદાના કારણે નિવૃત્ત થતાં કર્મચારી શ્રી મગનભાઈ વસાવા અને સંગીતા દોશી ચેરીટેબલ ટ્રસ્ટ પ્રાયોજીત વ્યાખ્યાન માળા પુષ્પ - ૧૮ એમ પંચવિધ કાર્યક્રમનું આયોજન શ્રી મણિકાન્તભાઈ કડકીઆના અધ્યક્ષ સ્થાને સેંટ ઝેવિયર્સ કોલેજ, અમદાવાદના સંસ્કૃતના વિધ્વાન પ્રા. શ્રી શાંતિકુમાર પંડયાના સાનિધ્યમાં કરવામાં આવ્યું.

સૌના સાથ સહકારથી પ્રસંગનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતુ. કાર્યક્રમનું સંચાલન પ્રો. આર. એસ. ભટ્ટ અને ડૉ. જાગૃતિબેન જોષીએ કર્યું હતું.

- ઉચ્ચ શિક્ષણ કમિશ્નરના પ્રોજેકટ 'નોલેજ મેનેજમેન્ટ પ્રોગ્રામ ફોર ફેકલ્ટી'ના પ્રા. મિત્રોના ૩૦ કલાકના ટ્રેઈનીંગ સેશનનો પ્રારંભ કોલેજના પ્રો. આર. એસ. ભટ્ટ અને પ્રો. જી. એસ. ભાવસારના માર્ગદર્શનમાં થયો હતો. બાલાસિનોર વિદ્યામંડળના મંત્રીશ્રી રજનીભાઈ શાહે દિપ પ્રગટાવી સમારંભને ખુલ્લો મુકતાં જ્ઞાન પ્રાપ્તિના માધ્યમોનો વધુ ઉપયોગ કરી સજ્જતામાં વધારો કરવાનો અનુરોધ કયો હતો.

## શ્રી બાલાસિનોર કેળવણી મંડળ

ઉપયુક્ત મંડળની કાર્યવાહક સમિતિની તા. ૬.૨.૨૦૦૯ના દિને, સુભદ્રાબેન નવનીચંદ્ર શાહ (કલકત્તાવાળા) મીટીંગ હૉલમાં, સાંજે ૬.૪૫ કલાકે મળેલી સભામાં નીચે મુજબ નિર્ણયો લેવામાં આવ્યા.

શાળાઓ અંગેની માહિતી આપવામાં આવી. ધોરણ ૧ થી ૪ પ્રાથમિકનાં શરૂ કરવા માટે મંજૂરી બાબત કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તે અંગેની આર્થિક જવાબદારીને પહોંચી વળવા તથા શાળાઓનાં રીપેરીંગ માટે તેમજ બે વર્ગખંડો અને પ્રાર્થનાખંડ (પી.વી. વિદ્યાલયમાં) બાંધવા આવશ્યક ભંડોળ માટે જાહેર અપીલ કરવા નક્કી કરવામાં આવ્યું. ખજાનચી હીતેશ પરીખે ડીસેમ્બર સુધીના હિસાબોથી સભ્યોને માહિતગાર કર્યા.

મંડળને મધુરીબેન નટવરલાલ મણીલાલ પરીખ (ડાબલી) તરફથી રૂા. ૧૦૦,૦૦૦/- (રૂપીઆ એક લાખનું) ડોનેશન પ્રાપ્ત થયું છે. દાતાનો આભાર માનીએ છીએ.

*- જતીન દેસાઈ, ચંદ્રકાન્ત દેસાઈ, મંત્રીઓ*

**નોંધ :** ઓચ્છવલાલ શેઠ હાઈસ્કુલમાં ત્રણ લેબોરેટરી માટે ત્રણ કોમ્પ્યુટર્સની જરૂર છે.



# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

મહિલા વિભાગ દ્વારા તારીખ ૨૪મી ફેબ્રુઆરીએ બપોરે ૩.૦૦ વાગે લાડની વાડીમાં હોળીના 'રસિયા'નો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ માટે મહિલા વિભાગને એક બહેન તરફથી રૂા. ૭,૦૦૦/- તથા બીજા એક બહેન તરફથી કાર્યક્રમમાં આવનાર દરેક વૈષ્ણવોને પ્રસાદી ફગવો આપવામાં આવ્યો હતો. મહિલા વિભાગ બન્ને બહેનો તથા તેમના કુટુંબીજનોનો હ્રદયપૂર્વક આભાર માને છે.

શ્રીમતી સરોજબેન કચેરિયાના માર્ગદર્શન હેઠળ આપણી બહેનોએ ૧.૦૦ વાગે આવી ઉત્સવ અનુસાર પિછવાઈ તૈયાર કરી સુંદર સજાવટ કરી હતી. રસિયા ગાવા માટે શ્રીમતી ઉર્મિલાબેન વોરા, છાયાબેન કાપડિયા તથા મોહિનીબેન ઝવેરીને આમંત્રિત કર્યા હતાં. ત્રણે બહેનો તથા આપણી બહેનોએ મળી વાંજીત્રોના તાલે સુંદર રસિયા ઠાકોરજી સન્મુખ ગાયા હતા. તેમજ આપણી બહેનો તથા બાળકોએ સુંદર નૃત્ય દ્વારા ઠાકોરજીને રીઝવ્યા હતા. જેની કોરીયોગ્રાફી મોના તન્ના, અલ્પા કડકીઆ, કોરલ શાહ, શીતલ પરીખ તથા બાળકોએ મળી કરી હતી. શ્રીમતી નયના પ્રકાશ દેસાઈએ રસિયાના આયોજનમાં સાથ આપ્યો હતો. ડાન્સમાં ભાગ લેનાર સહુ બહેનો તથા બાળકોને મહિલા વિભાગ તરફથી મોબાઈલ કવર આપવામાં આવ્યા હતા. કાર્યક્રમને અંતે સહુ નાસ્તાને ન્યાય આપી રસિયાનો અલૌક્કિ આનંદ વાગોળતા છૂટા પડયા હતાં.

ડાન્સમાં ભાગ લેનાર બહેનો તથા બાળકોના નામ નીચે મુજબ છે. - અલ્પા કડકીઆ, રૂપલ પરીખ, હિયા ગાંધી, કશીશ પરીખ, જશ પરીખ, ક્રિષા પરીખ, હર્ષિલ કડકીઆ, અમી ધારીયા, મોના તન્ના, પ્રીતી ધારીયા, પુનિતા કડકીઆ, પ્રિતી પરીખ, પ્રતિક્ષા ગાંધી, તેજલ દેસાઈ, તૃપ્તિ ગાંધી, બીના કડકીઆ, નીતા ધારીયા, તેજશ્રી પરીખ, અમી પરીખ, જાસ્મીન ગાંધી, રીટા ગાંધી, સોનલ મોદી, નિમિષા કડકીઆ, દિશા શાહ, નિરજા પરીખ, દિશા દેસાઈ, સરજીતા પરીખ, આશા પરીખ, ગીતા પરીખ, શ્રધ્ધા દેસાઈ, કોરસ શાહ, પ્રાચી કડકીઆ, નિરીક્ષા પરીખ, કનક મોદી, લતા શાહ, ચેતના મોદી, સુરેખા શાહ, મીના મોદી, શીલ્પા મોદી, સોનલ મોદી, મીના પરીખ.

*- મિનોતી શાહ - સંયોજક - મહિલા વિભાગ*

# અન્ન સહાય અને આર્થિક સહાય અંગે

શ્રી વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળ સંચાલીત શ્રીમતી કલાબેન ચીમનલાલ કડકીઆ (બનડા) પુરસ્કૃત અન્ન સહાય યોજના તથા શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ સંચાલિત ગિરીપૂજા શ્રી કોકીલા પ્રવિણચંદ્ર પૂનમચંદ બીન ચુનીલાલ કડકીઆ (વલ્લભઘેલા) આર્થિક રાહત યોજના.

ઉપરોક્ત સંસ્થાઓના સહયોગથી પ્રતિ વર્ષે અન્ન સહાય તથા આર્થિક રાહત આપવામાં આવે છે. તા. ૧-૪-૨૦૦૯ થી તા. ૩૧-૩-૨૦૧૦ના વર્ષ દરમ્યાન પણ સહાય-રાહત આપાવાની છે. આ માટે હાલમાં લાભ લેતા કુટુંબીજનોએ તેમના ફોર્મ ભરવા જરૂરી છે. નીચેના સ્થળોએથી ફોર્મ મેળવી તા. ૨૦-૩-૨૦૦૯ સુધીમાં ફોર્મમાં માંગેલી વિગતો ભરી ફોર્મ આપી જવા વિનંતી છે.

૧) શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ, કાર્યાલય : ૪૫/૪૯, બાલકૃષ્ણ કૃપા, બાબુગેનુ રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૨.
૨) શ્રી વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળ, ૮/૯ મહેતા હાઉસ, પંડિત રમાબાઈ રાનડે રોડ, ભવન કોલેજની સામે, મુંબઈ - ૪૦૦ ૦૦૭.
૩) શ્રી દક્ષેશ કડકીઆ : કડકીઆ એન્ટરપ્રાઈઝ, ૬૮/૭૦ નાગદેવી સ્ટ્રીટ, ૧ લે માળે, મુંબઈ - ૩
૪) શ્રી મણીકાન્ત છોટાલાલ કડકીઆ, બાલાસિનોર.

**નોંધ :** મુંબઈની બહાર તેમજ બાલાસિનોર ખાતે રહેતા જરૂરિયાતવાળા કુટુંબીઓએ પણ ફોર્મ ભરવા જરૂરી છે.

***સંયોજક : રજની લટકારી, ઉર્વિશ મોદી (દેવ)***
***શ્રી વા.દ.ની. ન.યુ. મંડળ : શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ***

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

# સંસ્થા સમાચાર

વર્ષ ૨૦૦૮-૨૦૦૯ની કાર્યવાહક સમિતિની આઠમી બેઠક તા. ૨૫.૨.૨૦૦૯ના રોજ બુધવાર સાંજે ૭.૧૫ કલાકે શ્રી મોહનલાલ સાંકરલાલ શાહ (ઝાટ) સભાગૃહ ખાતે મળી હતી. સંસ્થાના પ્રમુખશ્રી પ્રદીપ કડકીઆના નેજા હેઠળ નીચે મુજબના મુદ્દાઓ હાથ ધરાયા હતા.

સંસ્થાના સહમંત્રી શ્રી ભાવેશ મોદીએ સંસ્થાની ૭મી બેઠકનો અહેવાલ રજુ કર્યો હતો. અને તે સર્વાનુમતે પસાર કરાયો હતો.

મહિલા વિભાગના સંયોજક શ્રીમતી મીનોતી શાહ તથા ક્રીકટ સમિતિના સંયોજનક શ્રી કીંજલ પરીખે તેમની સમિતનો હીસાબો રજુ કર્યા હતા.

વસ્તી પત્રકના સંયોજક શ્રી જાસ્મીન શેઠએ અહેવાલ રજુ કર્યો હતો. તેમાં તેમણે જણાવ્યું કે આશરે ૩૦૦ થી ૩૫૦ ફોર્મ હજુ આવવાના બાકી છે. તેમને સભ્યોને અનુરોધ કર્યો હતો કે વહેલી તકે ફોર્મ ભરી મોકલે જેથી કામમાં સુઘડતા પડે.

આ વર્ષ શ્રી બાલાસિનોર નવયુવક સંઘ **Body Health Check Up** કરવાનું વિચાર્યું છે. જેની વિગત આ અંકમાં રજુ કરી છે.

શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ મહેતા (ધરીવાલા) નો શોક ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

કુલ ૬ નવા આજીવન સભ્યપદની અરજીઓ આવી હતી અને તે સર્વાનુમતે પસાર કરવામાં આવી હતી.

કુલ ૨ સભ્યોની લીવ અરજી આવી હતી તે પસાર કરવામાં આવી હતી.

પ્રમુખ શ્રીએ આભાર માની સભા બરખાસ્ત કરી હતી.

***- મંત્રી - મંજુલ શૈલેશ ધારીઆ***
***સહમંત્રી - ભાવેશ બીપીન મોદી***

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

૧. **ભરત નટવરલાલ પરીખ (સુબા)**
સી-૭૦૪, વ્રજધામ કો.ઓ.હા.સો.લી
(ચામુંડા ગેરેજની બાજુમાં), રામબાગ લેન,
એસ.વી.રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ-૯૨
ફોન : ૨૮૦૭૫૮૧૨ /૯૮૨૧૧૨૭૩૨૨

૨. **રાજેન્દ્ર ચીમનલાલ મોદી (પેપરવાળા)**
શ્રીજી કૃપા, ભટ્ટ વાડો, જૈન દેરાસરની સામે,
બાલાસિનોર - ૩૮૮૨૫૫

## તેજસ્વી તારલા

૧) **કુમારી જીનલ પરાગ દેસાઈ**એ મેડીકલ રીસર્ચ ઈન ફાર્માસ્યુટીકલ એન્ડ બાયોમેડીકલ સાયન્સ ૨૦૦૮ યુનિવર્સીટી ઓફ બ્રાયટન યુ.કે. માથી બી. ફાર્મની ડીગ્રી ફર્સ્ટ કલાસમાં પાસ કરી છે. સંસ્થાવતી તેઓને અભિનંદન.

૨) **જીતેન અજીત પુનમચંદ પરીખ** ૨૦૦૮માં લેવાયેલી ચાર્ટડ એકાઉન્ટન્ટની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છે. સંસ્થાવતી તેઓને અભિનંદન.

ડૉ. આલોક અશોક ગાંધી (પાકા) **Specialist in Eye Disease (Opthelmologist)** તરીકે બાલાસિનોર મેડીકલ સેન્ટર મહેતા હાઉસ ખાતે તારીખ ૧ લી ફેબ્રુઆરીથી જોડાયા છે. તેઓ સોમવારે બપોરે ૩ થી ૫ તેઓની સેવા આપશે.

## મૃત્યુ નોંધ

| | |
|---|---|
| પુષ્પાબેન છબીલદાસ શાહ (વડોદરાવાલા) | ૮૩ |
| રજનીકાન્ત સાંકરલાલ ધારિયા (માટલી) | ૭૪ |
| કોકીલાબેન ગોપાલદાસ પરીખ (તાતીયા) | ૭૩ |
| અસિત ચીમનલાલ કડકીઆ (ટોકરશી) | ૪૯ |
| શકુબેન સુરેન્દ્રભાઈ ગાંધી | ૬૪ |
| રસીકલાલ પુનમચંદ દોશી (ડોબુ) | |
| ચંદ્રકાન્ત સોમાલાલ કડકીઆ (ધંગેલા) (ચક્ષુદાન કરેલ છે) | ૭૨ |
| તારાબેન ઓચ્છવલાલ પારેખ | ૯૧ |
| મંજુલાબેન શાંતીલાલ કડકીઆ (ધંગેલા) | ૮૧ |
| મંજુલાબેન ઓચ્છવલાલ મોદી | ૭૮ |

પ્રભુ તેઓના આત્માને ચિરઃશાંતિ અર્પે.

**ચક્ષુદાન કરેલ છે**




**સ્વ. ચંદ્રકાંત કડકીઆ**
**(ઉ.વ. ૭૨)**

***'હું અને મ્હારૂં' આ બે શબ્દો આપણને બાંધનારા છે અને 'તું અને ત્હારૂં' આ બે શબ્દો મુક્તિ આપનારા છે. એટલા માટે હું ને ઠેકાણે તું અને મ્હારૂંને ઠેકાણે ત્હારૂં મૂકો. આ જગતમાં જે કંઈ છે અને તેમાંથી પણ આપણા પાસે જે કંઈ છે તે બધું પ્રભુનું જ છે.***


Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 011
JYOTI PUNJ Regd.No.MH/MR/South-189/2009-11
MARCH - 2009
Registered Newspaper of India No. - B/7649

### શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

## શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ મહેતા(ધરીવાળા) પુરસ્કૃત



# કોમ્પ્યુટર શિક્ષણ યોજના



જત જણાવવાનું કે સંસ્થાએ **M/s. Raj Software Technology (India) LTD.** સાથે કરાર કરી આ યોજનામાં સ્કુલ અને કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ, ગૃહિણીઓ, સીનીયર સીટીઝન માટે સોનેરી તક ઉભી કરેલ છે. આ યોજનામાં નીચે મુજબના સર્ટીફાઈડ કોર્સ શીખવાડવામાં આવશે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1) Office Automation (O.A.) | ૨ મહીના | 1250.00 | + | Tax | = | 1405.00 |
| 2) Tally 9 | ૨ મહીના | 2000.00 | + | Tax | = | 2248.00 |
| 3) Web Page Designing | ૩ મહીના | 4500.00 | + | Tax | = | 5057.00 |
| 4) Desk-Top Publishing | ૩ મહીના | 2500.00 | + | Tax | = | 2809.00 |

આ યોજના માટે સંસ્થામાં ફોર્મ ભરવું જરૂરી રહેશે. ફોર્મની સાથે પુરી ફી ચેક અથવા રોકડા સાથે ૧ ફોટો આપવાનો રહેશે. સફળતાપૂર્વક કોર્સ પુરો કરી સર્ટિફિકેટ મેળવનાર વિદ્યાર્થીને ૫૦% ફી ચેક થી પાછી આપવામાં આવશે.

**Address of Training Centre**

**Raj Software Technology (India) Ltd.**

(1) Marine Lines (2) Grant Road (3) Andheri (W)
(4) Vile Parle (E) (5) Jogeshwari (W) (6) Malad (E)
(7) Malad (W) (8) Kandivali (W) (9) Borivali (W)

આ અંગેના ફોર્મ સંસ્થાની ઓફિસે સંસ્થાના સમય દરમ્યાન તથા સંયોજક શ્રી સમીર ગાંધી (લુહાર ચાલ) ખાતેથી મળશે.

આ અંગેની વધુ જાણકારી માટે તથા ફોર્મ સંપુર્ણ ભરીને સંસ્થાની ઓફિસે અથવા સંયોજક સમીર ગાંધી ને નીચે જણાવેલ સરનામે મોકલવાના રહેશે.

**સમીર જયેન્દ્ર ગાંધી : Tel : 2206 0294 / 2203 8077 / 98212 34306**

**Nakoshi Trading Co., 12/S, 1st Floor, Carmellos Building, 63/67 Pathak Wadi, Lohar Chawl, Mumbai - 2**

*સંયોજક : સમીર જયેન્દ્ર ગાંધી - મંત્રી : મંજુલ શૈલેષ ધારીઆ*